पुस्तकाङ्क:-

આ. શ્રીરામચંદ્રસૂરિજીના એકાન્ત
શ્રીકાન્તની ટ્રેકટનો

# આ. શ્રીરામચંદ્રસૂરિજીને સણસણતો જવાબ

## શ્રીરામચંદ્રસૂરિજી જાહેર સભામાં જ ચર્ચા કરવા તૈયાર થાય !

વિ. સં. ૧૯૯૮
વીર સં. ૨૪૬૮

પ્રકાશક-
પાનાચંદ રૂપચંદ વખારીયા

લેખક-
મુનિવર્ય ક્ષેમસાગરજી મહારાજ

## શ્રી રામચંદ્રસૂરિજીના એડી
## શ્રીકાન્તની ટેકટનો

# શ્રી રામચંદ્રસૂરિજીને
# સણસણતો જવાબ

**શ્રી રામચંદ્રસૂરિજી ચર્ચા કરવા તૈયાર થાવ!**

**જૈન** સમાજમાં છેલ્લાં છએક વર્ષથી શ્રી રામચંદ્રસૂરિજીએ સ્વચ્છંદે ઊભા કરેલા તિથિપ્રકરણે દિનપ્રતિદિન ઉગ્ર સ્વરૂપ લીધું છે. આ પ્રકરણને અંગે તાજેતરમાં પાલીતાણામાં અનેક બનાવો બની ગયા છે; જેમાંની મુખ્ય મુખ્ય બીનાઓ અમોએ અમારા 'શાસન સુધાકર' પત્રના બારમા અંકમાં સત્ય સ્વરૂપે પ્રકટ કરી છે.

એ વસ્તુને ઊલટા સ્વરૂપેજ આલેખીને શ્રીરામચંદ્રસૂરિજીના એડીકાન્ત શ્રીકાંતે '**પાલીતાણામાં ઉશ્કેરણી ફેલાવવાનો સાગરાનંદસૂરિજીનો પ્રયાસ**' એ નામની એક ટેકટ હાલમાં બહાર પાડી છે. તેમાં દર્શાવેલી વસ્તુઓ સત્યથી સાવ વેગળી છે, એ વાત નીચેના પ્રમાણોપેત હેવાલોથી વાચકવર સહેજે સમજી શકે તેમ છે.

આ શ્રીકાંત કોણ? દીક્ષા પહેલાંની એની જીવનચર્યા કેવી? એમણે દીક્ષા કેમ અને કયા હેતુથી લીધી હતી? ફેર કેમ અને કયા હેતુથી એ આદમીએ દીક્ષા જેવી પરમ પવિત્ર વસ્તુને પણ સાપની કાંચળીની માફક જ તજી દીધી? તેમ ઘોર અકૃત્ય કર્યું છતાં ય શ્રી રામચંદ્રસૂરિજીએ એમને જ ભારે પગાર આપીને પણ કર્ત્તાકારવતા નોકર તરીકે કેમ સ્વીકાર્યા? દીક્ષા છોડીને ગૃહસ્થપણે નોકરી કરતા એ ભાઈ ગૃહસ્થ જીવન પણ કેવું વિચિત્ર ગાળે છે? એ ભાઇ એ પછી સ્ત્રી તો લાવ્યા છે પણ પરણીને કે પુનર્લગ્ન કરીને? વણિક લાવ્યા છે કે બ્રાહ્મણી? નોકરી પણ પેટાર્થે જ કરે છે કે જૈન શાસનના સ્થંભભૂત પરમપવિત્ર ગીતાર્થદેવોને ગાળો ભાંડવા–હેલવા અને બને તો મૂળમાંથી જ ઉખેડીને ફેંકી દેવા? વિગેરે હકીકત એનું જીવન જાણનારાઓને સુવિદિત હોવાથી તેમજ ૧૯૮૪ અને ૮૫ ના 'જૈન' પત્રની ફાઇલોમાં પણ એનું પૂર્વજીવન મૌજુદ હોવાથી પણ તે વિષે અમો વધુ વિવેચન કરવા માગતા નથી.

ફક્ત જનતાને આ સ્થળે અમો હાલ એટલી જ યાદ આપીએ છીએ કે–તાજેતરમાં પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ-શ્રીના 'આરાધના વિષયક' વ્યાખ્યાનમાં ધાંધલ મચાવવા માટે જ વિષયાંતર જઈને આડો પ્રશ્ન કરનાર તે આ ભાઈ શ્રીકાન્ત છે કે જેમણે જેનો પગાર ખાય છે તેમને જ બીનઆવડતે ડહાપણ ડોળવા જતાં શ્રી ચતુર્વિધ સંઘની ભરચક જંગી સભામાં જાહેર રીતિએ સંઘબહાર જાહેર કરાવ્યા બાદ એ કલંક ભૂંસવા તાજેતરમાં ટેકટરૂપે તૂત ઊભું કર્યું છે.

આવાં જૂઠેજૂઠાં તૂત તો એ શ્રીકાંતે અનેક પૂ. આચાર્યદેવો અને પૂ. મુનિવરોને મિથ્યાત્વી, અભિનિવેશી, ગુંડા, શયતાન, સ્વચ્છંદી, કાગડા, હલકટ મનોવૃત્તિવાળા, સારી બુદ્ધિએ મુખ

પણ જોવા લાયક નહિ વિગેરે અનેક ગાળોથી ભરપૂર અનેક લેખોમાં શ્રી રામચંદ્રસૂરિજીના વીરશાસન પત્રમાં ભાંડ્યા છે.

તે શ્રીકાંતે પોતાની આ નવી ટેક્ટ પાનું ૪૬, ફકરા ત્રીજામાં લખ્યું છે કે-' વિ. સં. ૧૯૯૭ માં મુંબઈમાં મુનિ શ્રી હંસસાગરજીએ તિથિચર્ચાનું આહ્વાન બહાર પાડતાં મેં તેનો સ્વીકાર કર્યો હતો, પણ મુનિ શ્રી હંસસાગરજી મારી સાથે ચર્ચા કરવાની વાતનો સ્વીકાર કરવામાં તદ્દન નિષ્ફળ નિવડ્યા હતા.'

શ્રીકાંતની આ વાત ભયંકર માયાવી છે—જૂઠી છે, કારણ કે સં. ૧૯૯૭ માં તો શું પરન્તુ કોઇ પણ વખતે મુનિ શ્રી હંસસાગરજી મહારાજે શ્રીકાંતને તિથિચર્ચાનું આમંત્રણ કે આહ્વાન કરેલ જ નથી. જૈનશાસનના પવિત્ર પૂ. મુનિવરોને હજારોગમે ગાળો દેનાર અને જૈન મતને વિપરીતપણે જ ભદ્રિક જનતાના હૈયામાં પેસાડવા શ્રી રામચંદ્રસૂરિજીના વીરશાસન જેવા શાસનચ્યૂત પત્રમાં લેખોની હારમાળા ચીતરનાર એ ભાઇબંધને તિથિચર્ચા જેવા વિષયમાં શાસનરસિક મુનિવર સીધો આમંત્રે પણ શ્યે ?

પૂ. મુનિ શ્રી હંસસાગરજી મહારાજે તો વિ. સં. ૧૯૯૭ તા. ૮-૮-૧૯૪૧ ને રોજ મુંબઇ મુકામે શ્રી રામચંદ્રસૂરિજીને જ ખુલ્લે ખુલ્લી ચેલેંજ કરી હતી, જે ચેલેંજ મુંબઈ સમાચાર તા. ૧૧-૮-૪૧ માં પ્રસિદ્ધ પણ થઇ છે. શ્રી રામચંદ્રસૂરિજીને એ ચેલેંજ પણ ઝીલીને જ્યારે ચર્ચા કરવા તૈયાર થઇ જવાનું ભારે પડ્યું ત્યારે એ સૂરિજીએ છૂપા રહીને પોતાને બદલે 'ડેલા આડે સાંઢીયો ખડો કરી દેવાની માફક' તે વખતે શ્રીકાંતને આડો ધર્યો હતો અર્થાત્ તે વખતે પણ શ્રી રામચંદ્રસૂરિજીએ જ આહ્વાનનો સ્વીકાર કરેલ નથી; નહિ કે પૂ. મુનિ

શ્રી હંસસાગરજી મહારાજે. એ વાતને શ્રીકાંત આ નવી ટ્રેકટના પાના ૪૬ પર પોતાને જ નામે આડી ધરી દેતો હોય તો ના નહિં.

તેમાં પણ જે નાક વિનાનો આદમી હોય તે જ એવું લખી શકે છે, કારણ કે ૬–૯–૪૧ ના 'શાસન સુધાકર' પત્ર અંક ૧૫, પાના ૯ ઉપર પૂ. મુનિ શ્રી હંસસાગરજી મહારાજે એ સંબંધમાં સાફ સાફ જાહેર કર્યું છે કે–'મુંબઇ સમાચાર તા. ૧૬–૮–૧૯૪૧ માં તિથિચર્ચા સંબંધી શ્રીકાન્તના નામથી જે આર્ટીકલ પ્રગટ થયો છે એ દેખાવથી એવો જણાય છે કે તે શ્રી રામચંદ્રસૂરિજીને મેં મુંબઇ સમાચાર તા. ૮–૮–૧૯૪૧ માં ચર્ચા માટે તૈયાર થવાની જાહેર કરેલી વાતના ઉત્તરરૂપે જ હોય નહિં શું ? પણ વાસ્તવિક તેમ નથી. શ્રીકાન્ત એક નોકર છે. નવા તિથિમતનો સ્થાપનાર શ્રીકાન્ત નથી, પણ શ્રી રામચંદ્રસૂરિ જ છે. અને તેથી જ મેં પણ શ્રી રામચંદ્રસૂરિજીને જ તિથિચર્ચા કરીને સમાજમાં શાન્તિ સ્થાપવાનું જણાવ્યું છે; માટે તેઓશ્રી સિવાયના શ્રીકાન્ત જેવા કોઇપણે આ ગૂઢ તિથિચર્ચાના વિષયમાં માથું મારવું એ સમાજને વધુ પીડવા જેવું જ છે. અને તેથી જ શ્રી રામચંદ્રસૂરિજી સિવાયના તેવા કોઇની ય વજુદ ઉપેક્ષણીય છે અને રહેશે.

શ્રી રામચંદ્રસૂરિજી પોતે તૈયાર ન હોય તો પોતાના કોઈ પણ શિષ્યને તૈયાર કરે. હું તેવા કોઇની સાથે તિથિચર્ચા કરવા તૈયાર છું. એ સિવાય તેઓ શ્રીમાન કોઇપણ બીજો રસ્તો લેતા અટકવા કૃપા કરે. વગર પ્રતિનિધિપણે જ મત સ્થાપી દઇને વાદી બનનાર રામચંદ્રસૂરિજી, પ્રતિવાદીનું હવે જે પ્રતિનિધિપણું જ માગવાનું પ્રચારવા લાગ્યા છે તે તો ઘણું જ અયુક્ત છે.

ખરી વાત તો એ છે કે તેમણે જ સંઘના પ્રતિનિધિ બનીને નવો મત સ્થાપવો ઘટતો હતો. તેઓશ્રીએ તેમ કર્યું હોત તો

સમાજમાં કલેશ ન જ થાત. હવે કલેશના બ્હાના નીચે ચર્ચા ન કરવી તે તેઓશ્રીને શોભતું નથી. કોઇપણ વાદીએ કોઇપણ પ્રતિવાદીની સામે પોતાનો મત સાબિત કરવાની ફરજ છે. એ ફરજમાંથી શ્રી રામચંદ્રસૂરિજી ચ્યૂત ન થાય અને ચર્ચા કરવા જ તૈયાર થઇ જઈને શ્રી સંઘમાં શાન્તિ સ્થાપે, એ જ એમને માટે ઉત્તમ માર્ગ ગણાય વિગેરે. લખ્યા પછી—

## એજ 'શાસન સુધાકર' અંક ૧૫ના પાને ૧૧ પર શ્રીકાન્તને વચ્ચે કૂદી પડવાનો શો અધિકાર ?

એ મથાળા નીચે એ નામચીન પૂ. મુનિશ્રી હંસસાગરજી મહારાજે સાફ સાફ લખ્યું છે કે–"મારા તરફથી મુંબઇ સમાચાર તા. ૧૧–૮–૪૧ માં પ્રગટ થએલ શ્રી રામચંદ્રસૂરિજીને ખુલ્લા આહ્વવાનરૂપી લેખનો પણ શ્રી રામચંદ્રસૂરિજી જવાબ આપી શકયા નથી કે ચર્ચા કરવાની તૈયારી બતાવી શકયા નથી. આશ્ચર્યની વાત છે કે દીક્ષાથી પતિત થયેલ શ્રીકાન્ત જેવો નોકર એને બદલે મુંબઈ સમાચાર તા. ૧૬–૮–૪૧ માં ચર્ચા કરવા કૂદી પડેલ છે! વાહ ગીતાર્થ વાહ! શું તારી હિંમત? શું તારી બહાદુરી! ભાગ્યવાન! તારું સ્થાન તો તપાસ! અમને તો સમજાય જ છે કે ખીલાને જોરે જ ઢોર કૂદે છે, પણ તને એ સમજાતું નથી કે ખીલો જ ખવાઈ ગયો છે, એ આશ્ચર્ય છે! ભાઇ શ્રીકાન્ત! તારાથી મુનિવરો સાથે પણ ચર્ચાની તૈયારી તો ત્યારે જ બતાવાય કે એ નવો તિથિપંથ તેં સ્થાપ્યો હોય, સમજ્યો? એ સિવાય મુનિઓની વાતમાં બીનઅધિકારે જ વચમાં કૂદી ન પડ! તને સારી સમાજ જાણે છે કે તું કેવો અને કેટલો વિદ્વાન છે! શ્રી રામચંદ્રસૂરિજીનું પંડિતમરણ જ થવાનું છે એવું સચોટ નિમિત્ત ભાખનાર, અને એ હડહડતા જૂઠા નિમિત્ત તળે શાસનના પરમગીતાર્થદેવશ્રીની હલકટમાં

ઉત્કટ માણુસની માફક બદબોઇ કરનાર એ જ તું છે ને ? ભાઇ, તારા આત્મહિત ખાતર કહું છું કે–સમાજના મુનિવરોની બદબોઇ કરીને દુર્ગતિનાં ભાતાં બાંધતો બચી જા. જેથી તારું કલ્યાણ થાય." આમ લખ્યા છતાં પણ એ મહાશય આ જ સુધી એનો ખુલાસો કરવામાં તો પૂછડી ઘાલીને જ મ્હોં સંતાડતા ફરતાં હોવા છતાં ય ફેર પૂ. આચાર્યદેવેશો સામે પણ પ્રશ્ન કરવા તૈયાર થઈ જાય છે એ કેટલી શરમની વાત છે ? અરે ! પ્રશ્ન જ નહિ પણ આડો પ્રશ્ન કરવા તૈયાર થઇ જાય છે ! એ શું સામાન્ય ધીઠાઇ છે ? આવો આદમી ધાંધલના જ ધ્યેયવાળો ન હોય તો તેનામાં બીજું હોય પણ શું ? અને ખુલાસાને બ્હાને કરાવ્યું પણ ધાંધલ જ ને ? જોઇ એ નવા પંથીઓની ચર્ચાકળા ? પૂ. આચાર્યદેવેશશ્રી પણ આવાને જવાબ આપે જ નહિં, પણ 'ચર્ચાત્મક વાતોમાં કોઇને કાંઇ ખુલાસો કરવો હોય તો છૂટ છે' એમ જાહેર સભામાં બોલવું જ આવશ્યક હોવાનો 'હું પૂછી શકું છું ?' એમ નિર્લજ્જપણે બોલી ઊઠીને આવા નામદારો ધાર્યો લાભ ઉઠાવી લેવા લલચાય ત્યાં ઉક્ત વચનાનુસાર એવાને ય જવાબ આપવો જ આવશ્યક બની જાય ત્યાં નિરુપાય. જો કે એથી પણ ચોળવા ચુની સિવાય કાંઇ જ પામી ગયેલ નથી. 'કોઇને કાંઇ ખુલાસો કરવો હોય તો છૂટ છે' એમ આપણે બોલ્યા પછી એવા ઉપેક્ષણીયોને જો જવાબ ન આપીએ તો વળી તે વાતો એમ જ બોલવા અને પ્રચારવા મંડે કે "**મારા આહ્વાનને કોઇ ઝીલશે જ નહિ અને આહ્વાન કરવા છતાં શ્રીકાન્ત કે અન્ય કોઈ આહ્વાનને ઝીલી શક્યું નહિં એવું ડીંડીમ પીટી શકાશે, પણ બન્યું ઊલટું. તેમણે આહ્વાન કર્યા પછી હું પ્રશ્નો પૂછવા ઊભો થયો,** એટલે ના જ પાડી દીધી !"

જો કે એવાને ય ઉત્તર તો જડબાતોડ આપ્યો છે. શ્રી રામ-

ચંદ્રસૂરિજીને પણ સાત પેઢી (ચાલે તો) ચાલે તેવો જ ઉત્તર અપાયો છે, જે આ લેખમાં જ પ્રગટ કરશું; તો પણ એ નામચીન શ્રીકાન્ત તો પોતાની નવી ટેકટના પાને ૪૭ ઉપર તો શબ્દે શબ્દ તેવું જ બોલવા અને પ્રચારવા માટે લખી ચૂકેલ છે! ફરક માત્ર એટલો કે જવાબ ન આપ્યો હોત 'એટલે ના જ પાડી દીધી' એમ લખત અને જવાબ આપ્યો ત્યારે '**એટલે તત્કાલ ના પાડે તો આબરૂ જાય**' એમ લખી નાંખ્યું છે! કેવી વિચિત્ર માયા! શીંગડે ખાંડો અને પુંછડે ખાંડો તે આનું નામ!

એ વ્યાખ્યાનસભામાં પણ ખૂણે જ લપાઈને બેસવાની પોતાની સ્થિતિનો એ શ્રીકાન્તને આ ટેકટ લખતી વખતે ઉપયોગ રહ્યો હોત અથવા નશાતૂર નહોત તો 'શ્રીકાન્ત આહ્વાનને ઝીલી શકશે નહિં' એવું મારી જેવા અદના આદમી માટે પૂ. આ. દેવેશના લક્ષ ઉપર પણ ન હોય એ વાત ચોક્કસ ખ્યાલમાં રહી હોત.

એ ભાઇ એ ટેકટના પૃ. ૪૭ ના ફકરા બીજામાં તો પોતે જ પોતાની જાતને પ્રભુ શ્રી મહાવીરદેવના આનંદ શ્રાવકની સાથે જ ઘટાવીને તો હદ વિશેષનું તુમાખીખોરપણું જાતે જ જાહેર કરી દઈને પછી જ 'બુંદે ગઇ હોજે વાળવા' પોતાને પોતે જ ગાંગો તેલી પણ કરી દે છે! નશા સિવાય આ બને? એ ગાંગો તેલી કહે અને આપણે ગાંડો ટેલી કહીએ એ વાતને અહીં નિસ્બત નથી. અહીં તો વાત એ છે કે એ ટેકટના પૃ. ૪૭ ના બીજા ફકરામાં એ ભાઈ વદે છે કે–" કોઇ ભાઈને એવો ય પ્રશ્ન ઉદ્‌ભવશે કે–' સાગરજી મહારાજ જેવા વિદ્વાન પાસે મારું શું ગજું ? ' વાત પણ સાચી છે કે–તેમણે જે વાંચ્યું તે જોયું છે, તેના કરતાં ઘણા જ ઓછા અંશે મેં વાંચ્યું અને જોયું છે. આમ છતાં આપણે ભૂલ ન જ બતાવી શકીએ એમ કહી શકાય નહિ જ. ×××× × અમુક વિષયોનો આપણે અભ્યાસ કર્યો હોય તો તે તે વિષયોમાં થએલી

મોટા વિદ્વાનોની પણ ભૂલોને આપણે ન જ બતાવી શકીએ તેમ નહિં."

## રામચંદ્રસૂરિએ પહેલાં લખેલું મનાવો !

આ લખાણ પણ એ મહાશયે જો સત્ય નિષ્ઠાથી જ કર્યું હોય તો નીચેની ભૂલો તો શ્રી રામચંદ્રસૂરિજીને તુરત જ કબૂલ કરાવીને, એમની સહીથી બહાર પડાવીને માફી મંગાવે; કારણ કે તિથિચર્ચાના તે પોતાના જ લખાણથી રામચંદ્રસૂરિજી સં. ૧૯૯૨ થી વિપરીત જ વર્તે છે.

જૈનપ્રવચન વ. ૬, અંક ૧૨-૧૩-૧૪, પૃ. ૧૭૭ **જિજ્ઞાસા અને તૃપ્તિ** શીર્ષક લખાણમાં તેઓએ સાફ લખ્યું છે કે-'**એક જ દિવસે ત્રણ તિથિનો ભોગ આવતો હોય તો વચલી તિથિ ક્ષયતિથિ કહેવાય છે. તે તિથિ જો આરાધ્ય-પર્વકોટિની હોય તો પૂર્વની તિથિની જગ્યાએ તેને જ કાયમ કરાય છે, કારણ કે તે ક્ષયતિથિની સમાપ્તિ પણ તે જ દિવસે થાય છે. તત્ત્વગ્રાહી આત્માઓને આ વસ્તુ સ્પષ્ટ સમજાય છે.**' વિગેરે, તથા તે જ પૃ. ૧૭૭ કોલમ બીજામાં તો એ સૂરિજી ભેજું બરાબર ઠેકાણે રાખીને લખે છે કે-'**શ્રી તત્ત્વતરંગિણીનો આધાર તો સંવત્સરીની ચોથના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાનો છે.**'

શ્રીકાંત પોતાને તિથિચર્ચાના વિષયનો ખાસ નિષ્ણાત મનાવે છે તેમ સાચે જ હોય તો તો શ્રી રામસૂરિજીના ઉપરના લખાણથી સાફ સમજાવી શકે તેમ છે કે આરાધ્યપર્વકોટીની તિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરે અને તે અપર્વતિ-થિના સ્થાને તે ક્ષય પામેલી પર્વતિથિને જ કાયમ કરે તો જ તત્ત્વગ્રાહી ગણાઇ શકાય તેમ છે. અને પર્વતિથિના ક્ષય વખતે

૨/૨-૪/૫-૭/૮-૧૧/૧૧ આદિ ભેળી લખવાનું જૈન જૈનેતરો સમસ્તથી ય નવું ધતીંગ કાઢનારા તત્ત્વથી ચ્યૂત થવાને-લીધે ભવ વધારનારા જ ગણાય છે. આટલું તો એ વિચિત્ર વિદ્વાન રામસૂરિજીને મનાવશે અને જાહેર કરાવશે જ ને ?

શ્રીકાંત પોતાને તિથિચર્ચાના વિષયનો ખાસ નિષ્ણાત જણાવવાના મેઘાડંબર તળે ફક્ત છાપાછૂપી પણ પોપટની જેમ જ વાંચી ગયા માત્રથી જનતાને એમ પણ ભરમાવવાનું પાપ વહોરી બેઠેલ છે કે-જૈન જ્યોતિષ ગ્રન્થો અને જૈન જ્યોતિષના અધિકારવાળા શ્રી દશાશ્રુતસ્કંધની ચૂર્ણી આદિ આગમગ્રંથો પણ પોતે અવગાહી જ લીધા છે ! ખરેખર આવા અહંભાવીઓને માટે જ શાસ્ત્રકારને સાફ કહેવું પડયું છે કે-'**एगेणवि वीहिणा उंदरस्स जह दोवि वावडा हत्था, तह अमुणिय परमत्था थेवेणवि उत्तणा हुंति ।**' એક જ માત્ર ચોખાનો દાણો હાથમાં આવી જાય ત્યાં તો જેમ ઉંદરના બન્ને ય હાથ પહોળા થઇ જાય છે તેમ પરમાર્થને નહિં જાણવાવાળા થોડું માત્ર અહિંતહિંથી મળી જાય તેટલામાં તો નાચ્યાનાચ કરી મૂકે છે. શ્રી વીરવિજયજી મહારાજે પણ '**જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઇ ડોલેજી; મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી.**' એ ઉક્તિ ન જ બનાવી હોત તો આવા નામદારો માટે બીજી ઉપમા કયાંથી શોધત ?

શું શ્રીકાંત પોતાને તિથિચર્ચા વિષયનો નિષ્ણાત હોવાનો ભ્રમ ફેલાવવાદ્વારા જંબુવિજયજી કે જેને શ્રી તત્ત્વતરંગિણી, હીરપ્રશ્ન, સેનપ્રશ્ન, શ્રાદ્ધવિધિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જ્યોતિષકરંડક, કલ્પકિરણાવલી, કલ્પસુબોધિકા, બૃહત્કલ્પભાષ્ય, નિશીથભાષ્ય, નિશીથચૂર્ણિ, યોગવિંશિકા, કલ્પઅવચૂરિ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, દશાશ્રુતસ્કંધ અને ધર્મસંગ્રહ વિગેરે મૌલિક શાસ્ત્રોથી ચર્ચા કરવા તૈયાર

હોવાનું અભિમાન ઉછાળવા જતાં પૂ. આગમોદ્ધારક આચાર્ય-દેવેશશ્રીના પ્રતાપે પાલીતાણેથી રાતની રાતે ભાગી જઇ કુંડલામાં લપાઇ જવું પડ્યું, એ આગઢપ્રજ્ઞ અને પ્રવંચનપ્રભાવક કરતાં ય પોતાને જ્ઞાની જણાવે છે?

મનહરવિં૦ ઉપાધ્યાય કે જેઓ તો ચર્ચા માટે બોલાવ્યા છતાં–એ વખત ચેલેંજપૂર્વક તૈયાર થઇ જવાનું કહ્યા છતાં પાલી-તાણેથી ત્રણ ત્રણ કલાક જ રહીને મોઢું ય દેખાડ્યા વિના રફુ-ચક થઇ ગયેલા છે, તેની કરતાં ય એ શ્રીકાંત એવું બેહુદું લખીને પોતાને વિદ્વાન મનાવે છે?

ખંભાતમાં જૈનશાળામાં જ રહીને ભક્ત મંડળમાં 'આરા-ધનામાં પર્વતિથિની પણ ક્ષય અને વૃદ્ધિ થાય છે, એ જેને સમજવું હોય તેને હું સમજાવવા તૈયાર છું.' એમ વદતાંની સાથે તે વખતે શ્રીયુત્ દાનવીર શ્રેષ્ઠિવર્ય મૂલચંદ બુલાખીદાસના ઉપાશ્રયમાં ચાતુર્માસ રહેલા પ. પૂ. વિદ્વાન મુનિવર્ય શ્રી દેવેન્દ્ર-સાગરજી મહારાજે એ ચેલેંજ તુરત જ ઝીલી લઇને શ્રી સ્થંભન પાર્શ્વનાથના ઓટલે મળવાનું આહ્વાહન કરતાં મ્હોં છુપાવી ગએલા શ્રી કનકવિજય, કે જેઓ પણ પાલીતાણે આવતાં પ. પૂ. મુનિવર્ય શ્રી ત્રૈલોક્યસાગરજી મહારાજશ્રીએ ચર્ચા સમજવાનું એક શ્રાવક સાથે કહેવડાવતાં '**મારે તો તિથિચર્ચા કરવી નથી. હું તો પાંચ દસ વર્ષનો દીક્ષિત છું. ગુરુમહા-રાજ કહે તેમ કરીએ છીએ. અમે તો શાન્તિથી જાત્રા કરવા આવ્યા છીએ. તિથિચર્ચા સિવાય બીજું કાંઇ સમજવું હોય તો પણ તેમના ગુરુઓ ત્યાં બેઠા જ છે, સમજી લ્યે, એમ છતાં તિથિચર્ચા સિવાય બીજું શું સમજવું છે તે કહેવડાવે; મારો વિષય હશે તો જવાબ આપીશ.**' વિગેરે બીજું બોલીને, બાલચેષ્ટા કરીને તે વખતે તો

ચપટીમાં જીવ રાખીને માંડ છૂટ્યા પછી હવે વળી રામ૦ અને રામસેનાના જોરે આરાધનામાં ' **બે તિથિ પણ હોઇ શકે છે,** પર્વતિથિનો ક્ષય પણ કરાય જ વિગેરે હું જ સમજાવવા તૈયાર છું ! ' વિગેરે શ્રાવકોને મોઢે જ યદ્વાતદ્વા બોલીને પોતાની પ્રખર વિદ્વત્તા( ? )ને રસ્તામાં ય વેરી રહેલ છે. તેમને પણ એ શ્રીકાંત એવું લખીને પોતાનાથી અજ્ઞાન મનાવે છે ?

ત્રણ જ લીટીની ત્રણ કલાક ચાલેલી ચર્ચામાં મુંબઇ બેઠાં ચેલેંજ ફેંકનાર ક્ષમાભદ્રસૂરિજી પણ ' હું વિચારીશ ' એમ કહીને ' વિચારવાનું તો હજુ પોતાને ઘણું જ બાકી છે ' એવી પ્રતીતિ કરાવવા, બીજે દિવસે તો મોં જ નહિં બતાવવા ' સાધુ કાંઇ નવરા નથી ' એમ તોછડાઇ પ્રકાશીને પોબાર ભણી જનાર શ્રી ક્ષમાભદ્રસૂરિજી કરતાં ય એ શ્રીકાંત પોતાને વિદ્વાન લેખાવે છે ?

જ્યોતિષ સંબંધીના અને જ્યોતિષના વિષયવાળા ઉપર્યુક્ત ૧૬ મૌલિક શાસ્ત્રોનો શું એ શ્રીકાંત એવું લખીને આરપાર જ્ઞાતા હોવાનો દાવો ધરાવે છે ?

પર્વતિથિપ્રકાશ, તિથિસાહિત્યદર્પણ અને છેલ્લાં છેલ્લાં પ્રશ્નોત્તર ત્હોંતેરી પણ ભદ્રિક જનતામાં કલ્પિત તિથિમત ઠરાવવા કપોળકલ્પિતપણે જ ઘડી કાઢીને જૈન જેવી લોકોત્તર દર્શન આરાધક સર્વોત્તમ સમાજનાં આરાધક હૈયાં બૂઠાં બનાવી દેવાની હિંમત દેખાડનાર શ્રી જંબુવિજયે એ પર્વતિથિપ્રકાશના પૃ. ૧૮ ની ફુટનોટમાં શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિના મૂકેલા " **तत्थ खलु इमे छ उडू पं० तं....तत्थ खलु इमे छ ओमरत्ता पं० तं....तत्थ खलु इमे छ अतिरता पं० तं...छच्चेव य अइरत्ता आइच्चाओ हवंति माणाइं । छच्चेव ओमरत्ता चंदाइ हवंति माणाहिं ॥** " આ એક પાઠનો અર્થ પોતે પોતાની મેળે જ લગાવી બેઠેલા આગમપ્રજ્ઞ અને પ્રવચનપ્રભાવક વિશેષણવાળા શ્રી

જંબુવિજયને તો આવડ્યો નહિં જ લીધે હોવાને 'अतिरत्ता' શબ્દનો અર્થ જે-શાસ્ત્રકારો સાફસાફ '[illegible] દિવસ' એમ જ કરે છે તેને બદલે '[illegible] તિથિ' કરી બેઠેલ છે અને એથી જ તિથિ તો ઠૂંઠું અંશ જ હોવા છતાં 'જૈન શાસનમાં પણ બે તિથિ પણ હોઇ શકે છે' એવી મિથ્યા પ્રરૂપણા કરવા મંડી જઇને આરાધનામાં પણ બે પુનમ અને બે અમાસ આદિ મનાવવા મંડી પડીને ચોકખે ચોકખા જોડીયાં પર્વને તોડી નાખનારા થયા તેના કરતાં ય એવું લખીને શ્રીકાંત પોતાને વિદ્વાન મનાવે છે એમ ? આવો આદમી પોતાની નવી ટેકટના ટાઇટલ પેજ પર નીચે મુજબ લખાણ કરીને સમાજના બહોળા ભાગના ગીતાર્થવરો, સેંકડો પૂ. મુનિવરો અને લાખો શ્રાવક શ્રાવિકાઓને વિરાધક ગણાવવાનું સાહસ ન કરે તો એનું એ ભયંકર પાપસ્થાનકરૂપ કુકૃત્ય બીજો કોણ કરવા હિંમત કરે ?

શ્રીકાંત પોતાની નવી ટેકટના છેલ્લા ટાઇટલ પેજ ઉપર 'ચાલુ વર્ષ વિ. સં. ૧૯૯૮ માં' એમ મોટા ટાઇપોથી ભદ્રિક જનને ભરમાવવા અસત્યનો ઓરડો આલેખતાં પ્રથમ લખી કાઢે છે કે–અષાડ વદ ૧૪ તો તા. ૧૦–૮–૪૨ સોમવારે જ છે. પછીથી લખે છે કે–ચંડાંશુ ચંડૂ પંચાંગમાં આ વર્ષે વદ ૦)) બે છે. આથી કેટલાકો એવો પ્રચાર કરી રહ્યા છે કે–અષાડ વદ પહેલી અમાસે અષાડ વદ ચૌદશની આરાધના કરવી, પણ જેઓ શાસ્ત્રની આજ્ઞાને અનુસરવાને ઈચ્છતા હોય તેઓએ તો તા. ૧૦–૮–૪૨ સોમવારે જ અષાડ વદ ૧૪ ની આરાધના કરવી જોઇએ. તા. ૧૧–૮–૪૨ મંગળવારે તો અષાડ વદ ૧૪ના ભોગવટાનો એક અંશ સરખો પણ નથી અને એથી તે દિવસે અષાડ વદ ૧૪ની કલ્પના કરવી એ મિથ્યા આરોપ જ ગણાય. શાસ્ત્રકાર મહાત્મા તેવા મિથ્યા આરોપનો સર્વથા નિષેધ કરે

છે. વળી બીજ, પાંચમ, આઠમ, અગિયારશ અને ચૌદશ–એ પાંચ તિથિઓએ પ્રાયઃ કરીને જીવો પરભવના આયુષ્યને ઉપાર્જે છે એમ જ્ઞાનીઓએ ફરમાવ્યું છે, માટે પણ જે દિવસે અષાડ વદ ચૌદશનો ભોગવટો સમાપ્ત થતો હોય તે દિવસે જ અષાડ વદ ૧૪ ની આરાધના કરવી જોઇએ. પહેલી અમાસે ચૌદશ માનનારાઓ વસ્તુતઃ ચતુર્દશી પર્વના આરાધક નથી, પણ પોતાની જૂઠી કલ્પનાની જ આરાધના કરનારાઓ છે. આથી કલ્યાણકામી આત્માઓને વિનંતિ કરવાની કે–કોઇના પણ ખોટા પ્રચારથી નહિ દોરવાતા, તા. ૧૦–૮–૪૨ સોમવારે જ અષાડ વદ ચૌદશની આરાધના કરવાને માટે ઉજમાળ બનવું, **सुज्ञेषु किं बहुना ? श्रीकान्त**

## શ્રીરામચંદ્રસૂરિજીના એડીકાન્ત શ્રીકાંતની એ વાતમાં શાસ્ત્ર અને પૂર્વાચાર્યોનાં વચનોને તિલાંજલી અપાઇ છે

પ્રથમ તો અત્ર એ પ્રશ્ન થાય છે કે–શ્રીરામચંદ્રસૂરિજીએ સ્થાપેલા તિથિપંથના ગીતાર્થદેવ શ્રીકાંત જ છે કે બીજા કોઈ છે ? કારણ કે આ ભાઇની જેમ આ વખતે આજ સુધી નવા પંથના કોઇ આચાર્ય કે સાધુએ તો અષાડ વદ ૧૪ સોમવારે જ છે એમ જાહેર કર્યું જ નથી. હવે તેમ એ પંથના આચાર્યાદિ જાહેર કરે તો પણ શ્રીકાંતનું જ એ ગાયું ગાતા અને 'શ્રીકાંતે જ પ્રથમ કહ્યું તેમ કરે તો' કરતા પણ હોવાથી એ સહુનો શિરોમણિ શ્રીકાંત જ ગણાય તેમ છે.

પ્રશ્ન. ૨. શું અત્યારે જૈનોમાં શાસન શ્રીકાન્તનું જ ચાલે છે કે જેથી જૈનશાસનના કલ્યાણકામી આત્માઓએ અષાડ વદિ ૧૪ ક્યારે કરવી ? તેનો ફેંસલો અને પ્રઘોષ શ્રીકાંત જેવો એક અદનો આદમી શ્રીસકલસંઘને પહોંચાડે છે ?

પ્રશ્ન. ૩. શાસ્ત્ર અને પૂર્વાચાર્યોની શુદ્ધ પરંપરા અનુસારે જ વર્ત્તનારી શ્રીસંઘને 'આરાધક નથી' એમ કહીને તેઓ કલ્યાણકામી નથી એમ કહેનાર આદમી જૈન સંઘમાં રહેવા લાયક ગણાય કે નહિં ?

શ્રીકાંતના એ લખાણુથી ઉદ્ભવતા આ ત્રણ પ્રશ્નો સુજ્ઞોએ લક્ષપૂર્વક વિચારી લઇ-ધારી લઇને, તેનો યોગ્ય ઉત્તર એ નવીનપંથી પાસેથી તાત્કાલિક માગીને એ નવીન પંથના નેતાને હોય તેવા જાહેરમાં લાવવા જરૂર છે, કારણ કે એથી એ વસ્તુ પણ સ્પષ્ટ સાબિત થઇ જાય તેમ છે કે-શ્રીરામચંદ્રસૂરિજી સ્વચ્છંદપણે જ નવો મત સ્થાપી દઇને તે મત ખોટો સમજાયે હવે પડદા પાછળ રહીને એ મતનો પ્રચાર પોતાના એડીકાન્ત શ્રીકાંતદ્વારા પોતે જ કરાવે છે. વીરશાસન પત્ર, પ્રવચન પત્ર અને નવી તિથિમતનાં પંચાંગો તેમનાં જ છે એ જગજાહેર વાત હોવા છતાં એ દરેક ફરફરીયાં ગોટાળાથી ભરપૂર જ હોઈને જૈનશાસનથી સાવ વિપરીત છે એમ સમજાઇ જતાં, છએક મહિના અગાઉ પોતાના વીરશાસન પત્રમાં-'વીરશાસન, પ્રવચન અને પંચાંગો વીરશાસન કાર્યાલયનાં જ છે, રામસૂરિજીને એમાં કશું જ લાગતુંવળગતું નથી.' એવા સ્પષ્ટ ભાવવાળું લખાણુ જાહેર કરાવી દઇને તે તે પત્રો અને તેના મતનાં પંચાંગો પણ હવે રામચંદ્રસૂરિજી જાતે તો પડદા પાછળ જ રહીને શ્રીકાંત આદિદ્વારા પ્રસિદ્ધ કરાવી રહેલ છે ! પોતે ક્યાંય પકડાઇ ન જાય એટલા માટે તો ખૂબ કાળજી રાખીને કોઇ તેવા ચર્ચાત્મક લખાણુ કે પોતાનાં ય છપાતાં વ્યાખ્યાનોમાં શ્રી રામચંદ્રસૂરિજીએ પોતાનું નામ પણ નહિં જ આપવાની ખૂબ જ કાળજી રાખી છે અને રાખે છે ! કારણુ જ એ છે કે-એ સૂરિજીને સ્પષ્ટ સમજાઇ ગયું છે કે મારો મત હડહડતો જૂઠો છે.

અમો તો જાણીએ છીએ કે–શ્રી રામચંદ્રસૂરિજી ‘ એ નવા મતનું સાહસથી આચરણ કરી દીધા પછી ’ સર્પે છછુંદર ગળ્યા જેવી હાલતમાં મૂકાયા હોવાથી જ તેઓ શ્રીકાંત જેવાને એડીકાન્ત તરીકે આડે રાખીને પોતાનો એ સાવ જૂઠો મત પણ એ એડીકાન્તને નામે જ પ્રચારે છે એ વગર સાબિતીએ પણ સાબિત હોવાથી શ્રીકાન્તને નામે બહાર પડતું સાહિત્ય શ્રી રામચંદ્રસૂરિજીનું જ હોઇને શ્રીકાંતનાં તેવાં કોઇપણ લખાણ બદલ શ્રી રામચંદ્રસૂરિજી જ જોખમદાર અને જવાબદાર છે; માટે જ એ એડીકાન્તની ટેકટનો ઉત્તર પણ મુખ્યત્વે શ્રી રામચંદ્રસૂરિજીને જ અપાય છે.

‘ અષાડ વદ ૧૪ સોમવારની જ કરશે તે આરાધક અને બાકીના વિરાધક ’ એમ જૈન સંઘને ફરમાન કરવાને માટે એ સિવાય શ્રીકાંતના મુખમાં કેટલા દાંત છે? એવો એક આદમી ગમે તેમ બોલી નાખે એની સંઘમાં કિંમત જ શું ?

આ વખતની માફક ૧૯૯૬માં મહા મહિનાની બે અમાસ શુક્ર અને શનિવારે આવી હતી ત્યારે વળી એ નવા પક્ષના આચાર્ય કનકસૂરિ આદિ તરફથી–આ રીતે ‘ **ગુરુવારે જ ચૌદશ કરશે તે જ પ્રભુ આજ્ઞાધારી આરાધક છે** ’ એમ પાલીતાણે હેન્ડબીલો બહાર પડતાંની સાથે જ પૂ. મુનિશ્રી હંસસાગરજી મહારાજે શ્રી કનકસૂરિજીને–‘ **આજે જ તિથિનો નિર્ણય કરવા હું આપની પાસે આવું છું** ’ એ ભાવવાળો પત્ર મોકલતાંની સાથે જ કનકસૂરીશ્વરજી મહારાજે પોતાના શિષ્ય કંચનવિજયજીને પન્નાલાલની ધર્મશાલામાં પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ પાસે મોકલીને, વંદના કહેવરાવીને અંતે કહેવડાવ્યું કે હેન્ડબીલમાં મારું નામ કોઇકે ઘુસાડી દીધું છે. એ પછી મુનિ શ્રી હંસસાગરજી મહારાજે તેમને જાતે મળીને પૂછયું કે શુક્રવારે ચૌદશ કરનાર પ્રભુ આજ્ઞાબહિર છે એવું બોલવામાં તમે પ્રભુ-

આજ્ઞા માનો છો ? તેના જવાબમાં તેઓશ્રીએ સાફ કહ્યું કે-હું શુક્રવારે ય ચૌદશ કરનારને આરાધક માનું છું. શુક્રવારે ચૌદશ કરનારા પ્રભુઆજ્ઞા બહાર છે એવું મારાથી બોલાય કે લખાય જ કેમ ? વિગેરે.

જ્યારે આ શ્રીકાન્ત તો લૌકિક પંચાંગમાં આ વખતે અષાડ વદિ બે અમાસ મંગળ અને બુધવારે છે તેમાં જૈનશાસ્ત્ર-સમાચારી-પટ્ટક અને કાળજૂની પરંપરાને અનુસરીને જ શાસન-પક્ષ આરાધનાના પંચાંગમાં બે તેરશ કરીને લૌકિક પહેલી અમાસ ને મંગળવારે લોકોત્તર ચૌદશ કરે છે, ( નહિં કે શ્રી રામચંદ્રસૂરિજીના નૂતન પંથની જેમ કપોલકલ્પિત રીતે ) તે ઉપર સમસ્ત શાસનપક્ષને વિરાધક ઠરાવવા મથીને ' આરાધક નથી ' એમ કહે છે, તો આ બેમાં વિદ્વાન અને ભવભીરુ કોણ ? કનકસૂરીશ્વરજી મહારાજ કરતાં ય શ્રીકાંત વધુ જ્ઞાની છે, એમ જ એ શ્રીકાન્તની અષાડ વદ ૧૪ સોમવારે જ એમ જાહેર થયેલી માન્યતાને માનનારાઓએ માનવાનું રહ્યું ને ?

**" જેઓ શાસ્ત્રની આજ્ઞાને અનુસરવાને ઈચ્છતા હોય તેઓએ તો તા. ૧૦-૮-૪૨ ને સોમવારે જ અષાડ વદ ૧૪ ની આરાધના કરવી જોઈએ. તા. ૧૧-૮-૪૨ ને મંગળવારે તો અષાડ વદ ૧૪ ના ભોગવટાનો એક અંશ સરખો પણ નથી અને એથી તે દિવસે અષાડ વદ ૧૪ ની કલ્પના કરવી, એ મિથ્યા આરોપ જ ગણાય. શાસ્ત્રકાર મહાત્મા તેવા મિથ્યા આરોપનો સર્વથા નિષેધ કરે છે. "**

એમ સલુકાઈભરી ઢબે એ શ્રીકાન્ત શાસ્ત્રકાર મહારાજને નામે જ ખોટી વાત ઊભી કરે છે એ જ એની ધીઠાઈ છે. ખરતરગચ્છીઓ જૈન શાસ્ત્રમાં નહિં એવી, ભોગ આદિની વાતો

'તિથિચર્ચામાં' જ્યારે આપણી સામે ધરવા માંડ્યા ત્યારે તેઓને અંગે જ શાસ્ત્રકારે તિથિના ભોગ આદિના કરેલા પ્રયાસ સિવાય જૈનદર્શનમાન્ય આરાધ્ય પર્વતિથિના નિર્ણય માટે તિથિના ભોગના વિચાર માત્રની ય જરૂરિયાત કોઇ પણ જૈન શાસ્ત્રકારોએ માનેલી જ નથી. કોઇ પણ શાસ્ત્રકારે 'ભોગવાળી તિથિ જ પ્રમાણ' એમ ફરમાવ્યું હોય તો પ્રથમ તે જાહેર કરે.

તેને બદલે એ નવા પંથના નેતા એડીકાન્ત શ્રીકાંત તરફથી હરવખતે જે શાસ્ત્રકારોના નામે જ જનતામાં ખોટો ભ્રમ ફેલાવવા ભોગની વાતો આડી ધરાય છે તે 'બે અમાસે બે તેરશ જ કરાય અને અમાસના ક્ષયે તેરશનો જ ક્ષય કરાય' એવા શાસ્ત્ર અને પૂર્વાચાર્યોનાં પવિત્ર કથનોને–થોકબંધ કથનોને ઉથલાવીને પણ શ્રી રામચંદ્રસૂરિજીનો નવો મત યેનકેનાપિ પ્રચારવાની બદદાનતનું જ પરિણામ છે! કાળજૂની પરંપરા પણ એ નવીનોની ભોગની વાતોને સ્પર્શતી જ નથી.

નવીનપંથીઓ એમ છતાં પણ ભોગની વાતોને જ હરપળે આગળ ધરીને–'ભોગ નહિં ત્યાં તિથિ નહિં અને તિથિ નહિં ત્યાં આરાધના કરતાં શાસ્ત્રકારોએ જે પર્વતિથિએ આયુષ્યનો પ્રાયઃ બંધ થવાનું કહ્યું છે તે 'એ રીતિએ અપર્વતિથિ જ આરાધાઇ જતી હોવાથી અને ભોગવાળી સાચી પર્વતિથિનું આરાધન રહી જતું હોવાથી' જીવને શુભ આયુષ્યનો બંધ થવાનું ચાનસ જ રહે નહિ.' એમ લોકોને ભરમાવીને મૂળ પ્રણાલિકાથી ચ્યૂત કરવાવડે મહાપાપના ભાગી બને છે, એ અત્યંત ખેદની વાત છે.

પર્વતિથિએ આયુષ્યના બંધવાળી વાત પણ પ્રાયિક છે, નિશ્ચયવાળી તો નથી જ; તો તેવી પ્રાયિક વાતને પર્વતિથિઓને

નિયત કરનાર શાસ્ત્ર અને પૂર્વાચાર્ય મહારાજાઓના વચનો સાથે જ જોડી દઈને શ્રીકાંતદ્વારા શ્રી રામચંદ્રસૂરિજી નિરર્થક જ ભોળા જીવોને આંધળા પાટા કેમ બંધાવે છે? એ વસ્તુ સુજ્ઞો વિચારશે તો સીધું જ જણાઇ આવશે કે એ હૃદય અનારાધક જ છે.

પર્વતિથિએ આયુષ્ય બંધાય છે એમ કહીને તેઓ ભોગ-વાળી જ પર્વતિથિ માનવાનું ભરમાવે છે તો અપર્વતિથિના ક્ષય વખતે તો પૂર્વની પર્વતિથિનો વધુ ભોગ તો તે પર્વતિથિની પૂર્વ અપર્વતિથિમાં જ વધુ હોય છે, અને પર્વતિથિને દિવસે તો પર્વતિથિનો ઓછો જ ભોગ હોય છે, તેથી તેઓ શું પર્વતિથિના વધુ ભોગવાળી તે પર્વતિથિની પૂર્વની અપર્વ-તિથિમાં જ આયુષ્ય બંધાવાનો વધુ સંભવ કહેવા માગે છે? પર્વતિથિના વધુ ભોગવાળી તે અપૂર્વતિથિએ તો આયુષ્ય ન જ બંધાય એવાં કોઇ પૂર્વાચાર્યોનાં વચનો એ નવીનો પાસે હોય તો જાહેર કરે. તે તો તેમની પાસે નથી. જ્યારે શાસનપક્ષ પાસે તો પૂર્ણિમા અને અમાવાસ્યાની વૃદ્ધિએ તેરશની જ વૃદ્ધિ કરવાના પૂર્વાચાર્યોનાં થોકબંધ વચનો મોજુદ છે.

તિથિવૃદ્ધિ વખતે પણ પૂર્વની તિથિમાં જ ભોગ વધારે છે તો આયુષ્યના બંધનો સંભવ પણ નવીનો ત્યાં જ વધુ માનશે ને? અને એ હિસાબે બે પૂનમ અને બે અમાસ વખતે નવીનોએ તો ખરતરની માફક પહેલી પુનમ અને પહેલી અમાસને જ આરાધવાની પુનમ અને અમાસ તરીકે જાહેર કરવી રહે છે ને? હવે તેઓ તેમ કરી બતાવે, કારણ કે તેવા પ્રસંગે ચૌદશ કરવામાં તો તેઓ ખરતર સાથે ભળી જ ગયા છે, પણ તેની માફક પુનમ અને અમાસની વૃદ્ધિ વખતે હજુ પહેલી પુનમ અને પહેલી અમાસ જ કરવાનું જાહેર ન કરે ત્યાંસુધી ખરતરો પણ નવીનોને પોતાનામાં ભેળવે તેમ નથી.

**સારાંશ**–૧. શાસ્ત્રકારોએ પર્વતિથિદિને આયુષ્ય બંધાય છે એમ કહીને જે પ્રાયિક વાત કરી છે તેનો આ રામપંથીઓ, પંચાંગી–શાસ્ત્ર–પ્રશ્નોત્તર ગ્રન્થો અને પરંપરાને પણ લોપી નાખવા–ભૂંસી નાખવા–મૂળમાંથી જ ઉખેડી નાખવા ઉપયોગ કરી રહ્યા છે.

૨. આયુષ્ય પર્વતિથિએ જ બંધાય એ વાત નિશ્ચય હોય તો રામપંથીઓ જવાબ આપે.

૩. પર્વતિથિના ભોગની વખતે આયુષ્ય બંધાય એ ખોટું છે. પર્વતિથિના ભોગની વખતે જ જો આયુષ્ય બંધાય છે તો પર્વતિથિના ભોગ પ્રમાણે જ એ નવીનો આરાધના કેમ કરતા નથી ? કારણ કે પર્વાનન્તર તિથિની હાનિમાં પર્વતિથિની પૂર્વ અપર્વને દિવસે અને પર્વવૃદ્ધિમાં પહેલે દિવસે તિથિનો ભોગવટો વધારે હોવાથી આરાધના પણ આયુષ્યના બંધનો હાઉ બતાવનારા નવીનોએ તે તે દિવસે જ કરી લેવી જોઇએ ને ? એને બદલે તેવા પ્રસંગે જ્યાં ઓછો જ ભોગવટો હોય છે તેવી તિથિમાં આરાધન કેમ કરે–કરાવે છે ? નવીનપંથીઓની તિથિભોગની બૂમ જો સાચી હોય તો પ્રથમ આવું કરી બતાવે કે જેથી નવીનતામાં શિખર ચડે.

## પૂર્ણિમા અને અમાવાસ્યાને પર્વતિથિમાંથી જ એ નવીનો ઊડાડી દે છે—

સંવત ૧૯૯૨ ના મુંબઇના ચોમાસામાં શ્રીરામચંદ્રસૂરિજીએ જંબુવિજયજી સાથે મળીને–'પુનમ અને અમાસના ક્ષયે ઉદયને બ્હાને ચૌદશ નહિં ખસેડવાનું નવું કરીને ચૌદશ પુનમ અને

ચૌદશ અમાસ એ બંને તિથિઓ ચૌદશના એક જ દિવસે આરાધાઇ જવાની વિચિત્ર પ્રરૂપણા શરૂ કરી દીધી ! અને તે પ્રથમ વીરશાસન પત્રમાં છૂપા નામે અને પાછળથી '**પર્વતિથિપ્રકાશ**' નામની તત્ત્વતરંગિણીના જૂઠા જ અનુવાદવાળી ચોપડીમાં જાહેર પણ છપાવી દીધેલ છે.

આ રીતે એક પર્વતિથિના એક જ દિવસે બે પર્વતિથિનું આરાધન તેઓ નવું ઠસાવવા જતાં લોકોને રુચ્યું નહિં, કારણ કે તેમ કરવાથી તો એવા પ્રસંગે ફક્ત ચૌદશનું જ આરાધન થાય છે અને પૂર્ણિમા અને અમાવાસ્યા કે જે ચતુષ્પર્વીની અંદરની જ મહાન આરાધ્ય પર્વતિથિઓ છે તેનું આરાધન તો નષ્ટ જ થઇ જાય છે.

આથી શ્રીરામચંદ્રસૂરિજી અને જંબુવિજયજીએ એવા અવસરે ચૌદશ એક તિથિના દિવસે બે તિથિનું આરાધન આવી જ જવાનું લોકોને ઠસાવવા કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજાના યોગશાસ્ત્ર પૃ. ૧૭૮ નાં '**चतुष्पर्वी, अष्टमी-चतुर्दशी-पूर्णिमा-अमावास्यालक्षणा, चतुर्णां पर्वाणां समाहारश्चतुष्पर्वी।**' એવા આઠમ-ચૌદશ-પૂર્ણિમા અને અમાવાસ્યા જ જૈનદર્શનની ચતુષ્પર્વી હોવાના સાફ પાઠને અવગણીને-હેલીને-એ પવિત્ર વચનો ઉપર પગ મૂકીને પોતાની જૂઠી '**પર્વતિથિપ્રકાશ**' નામની પુસ્તિકાને પાને પાંચમે બે આઠમને અને બે ચૌદશને જ જૈનદર્શનની ચતુષ્પર્વી જાહેર કરી દેવાનું ભયંકર દુઃસાહસ કર્યું છે.

આ રીતે રામદર્શનની એ ખોટી ચતુષ્પર્વી ઊભી કરીને એને જૈનદર્શનની ચતુષ્પર્વી જાહેર કરી દેવામાં-' પૂર્ણિમા અને અમાવાસ્યાના ક્ષયે ચૌદશ એક જ તિથિનું આરાધન કરતાં પૂર્ણિમા અને અમાવાસ્યાના દિને પૌષધાદિ ધર્માનુષ્ઠાનની અવશ્ય કર્ત્તવ્યતા લોપાય છે ' એમ કહેનારા ભાવુકોને ' પુનમ અને અમાસની

પૌષધાદિ ધર્માનુષ્ઠાનની અવશ્ય કર્ત્તવ્યતા શાસ્ત્રમાં કહી જ નથી' એમ ખોટું જ ભરમાવી દઇને એ નવીનોનો લોકોમાં પોતાનો જૂઠો મત ઠસાવી દેવાનો દુર્હેતુ સમાયેલો છે.

અને એથી જ **પર્વતિથિપ્રકાશ**ની પ્રસ્તાવના પૃષ્ઠ ૫ ઉપર **'અને પુનમ આદિએ પૌષધની અવશ્ય કર્ત્તવ્યતા ફરમાવેલી નથી'** એમ સાફ સાફ જૂઠું એ નવીનોએ લખી પણ નાખ્યું છે. એ જૂઠી પુસ્તિકાના પૃ. ૨૨૪ ઉપર પણ 'અને તેથી પુનમે પૌષધની અવશ્ય કર્ત્તવ્યના શાસ્ત્રકારે માની નથી' એમ શાસ્ત્રકારને નામે જૂઠું લખી નાખ્યું છે! એ નવીનોની આ કેવી જિનાજ્ઞાપાલનતા?

સં. ૧૯૯૮માં વઢવાણ શહેરથી શ્રીજંબુવિ૦એ બહાર પાડેલી **પ્રશ્નોત્તર ત્હોંતેરી** નામની ચોપડીમાંના પ્રશ્ન ૫૪માં પણ તે નવીનોએ પૂર્ણિમાને તો ચતુષ્પર્વીમાં ગણાવી જ નથી. ફક્ત ત્યાં વળી પ્રશ્ન ૫૩ના ઉત્તરમાં પૂર્ણિમા અને અમાવાસ્યાને પર્વતિથિમાં તો બળાત્કારે જ ગણાવવી પડી છે! કારણ કે—

શ્રીરામચંદ્રસૂરિજીના એડીકાન્તે તાજેતરમાં બહાર પાડેલ રામચંદ્રસૂરિજીના મતની ટ્રેકટમાં છેલ્લા ટાઇટલ પેજ ઉપર **'વળી બીજ, પાંચમ, આઠમ, અગિયારશ અને ચૌદશ-એ પાંચે પર્વતિથિઓએ પ્રાયઃ કરીને જીવો પરભવના આયુષ્યને ઉપાર્જે છે એમ જ્ઞાનીઓએ ફરમાવ્યું છે'** એમ સાફ સાફ જાહેર કરીને પૂર્ણિમા અને અમાવાસ્યાને તો પર્વતિથિમાંથી ઉડાડી જ દીધી! કયા જ્ઞાનીઓએ એ નવીનોને ફરમાવેલું છે કે પુનમ અને અમાવાસ્યા પર્વતિથિમાં નથી અને તેથી તે તે દિને પૌષધાદિ ધર્માનુષ્ઠાન કરતાં જીવોને પ્રાયઃ શુભ આયુષ્યનો બંધ થતો જ નથી? શ્રીરામચંદ્રસૂરિજી પોતે જ પોતાની

સહીથી આ વાતનો જવાબ આપવા તૈયાર છે? કે શ્રીકાંત જેવાને નામે ખાલી જૂઠી જ ટ્રેકટો બહાર પડાવીને ગપગોળા ફેરવવામાં જ ઇતિકર્ત્તવ્યતા માની બેઠેલ છે? સૂરિજી! હવે હદ થાય છે. કયા ભવને માટે આવાં જૂઠાણાં ફેલાવીને અનેક ભદ્રિકોને સન્માર્ગથી ચ્યૂત કરવા માંડ્યા છે?

'**चतुष्पर्व्यां चतुर्थादिःकुव्यापारनिषेधनम् । ब्रह्मचर्यक्रिया-स्नानादित्यागः पौषधव्रतम् ॥**' એ ભગવાન શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજાના કથનાનુસાર પૂર્ણિમા અને અમાવાસ્યાના ચતુષ્પર્વી-માંના પવિત્ર દિવસે કરવા યોગ્ય ઉપવાસ, સાવદ્ય વ્યાપારનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન અને શરીરસત્કાર આદિનો ત્યાગ-વિગેરે ધર્માનુષ્ઠાનો સાથે પૌષધવ્રત પણ કરવાના પવિત્ર શાસ્ત્ર-ફરમાનને આ નવીનો ટ્રેકટમાંનાં ઉપરોક્ત ઝેરી લખાણવડે ઉત્થાપીને ફેંકી દે છે. એથી જ એ ટ્રેકટનું એક પણ વચન કલ્યાણ-કામી આત્માઓએ આદરણીય નથી. તેઓ એવું જૂઠું પણ લખાણ જ્ઞાનીઓને નામે ફેલાવે છે ત્યારે તો એ નવીનપંથીઓના દુઃસાહસની હદ જ આવી ગઇ એમ જ સમજવું રહે છે.

## પર્વતિથિની વૃદ્ધિ માનીને નવીનો જોડીયાં પર્વને ય તોડી નાખે છે!

પૂર્ણિમા અને અમાસના ક્ષય વખતે ઉપર્યુક્ત રીતિએ નવીનો જ્યારે પૂનમ કે અમાસને પર્વતિથિ તરીકે જ નથી માનતા તેથી સ્પષ્ટ છે કે પૂર્ણિમા અને અમાસની વૃદ્ધિ વખતે તેઓ બીજી પુનમ અને બીજી અમાસને પર્વતિથિ તરીકે માનવાનું જે ડીંડમ પીટવા માંડે છે તે તો ફક્ત લોકલાજે જ તેમ કરે છે એ સ્પષ્ટ છે. પૂર્ણિમા અને અમાસના ક્ષય વખતે પૂર્ણિમા અને અમાસને પર્વતિથિ તરીકે નહિ માનનાર નવીનોને પૂર્ણિમા અને અમાસની વૃદ્ધિ વખતે પૂર્ણિમા અને અમાસ પર્વતિથિ તરીકે ક્યાંથી મનાય?

મનાય જ નહિં. અને એથી જ તેઓ તે તે તિથિની વૃદ્ધિ આવે છે ત્યારે શાસ્ત્ર અને પરંપરાગત ચાલ્યા આવતા બે તેરશ જ કરવાના રિવાજને ઉથલાવી નાંખીને ૧૪-૧૫ અને ૧૪-૦)) નો છઠ્ઠ એ બે તિથિઓની વચ્ચે કલ્પિત રીતે જ એક ફલ્ગુ કે ખોખું ઘુસાડીને તોડી નાખે છે! કેટલો જુલમ?

જૈન શાસ્ત્રાનુસારે તિથિ તો ૬૧/૬૨ અંશ જ હોવાથી કોઇપણ વખતે તિથિની વૃદ્ધિ તો થઇ જ નથી, થતી જ નથી અને થશે પણ નહિં. આ વસ્તુ જાણવા છતાં ય આ નવીનો માત્ર લૌકિક પંચાંગમાં જ આવતી વૃદ્ધિ તિથિને પકડી રાખીને જૈનશાસ્ત્રકારને નામે વૃદ્ધિ તિથિ મનાવે છે! એ માટે સૂર્યપ્રજ્ઞપ્તિ જેવા મૌલિક ગ્રન્થરત્નના પાઠનો ય ખોટો અર્થ કરીને, '**પર્વતિથિ-પ્રકાશ**' પૃષ્ઠ ૧૮ માં છપાવીને 'અને કર્મમાસ સાથે સૂર્યમાસ વિચારતાં **છ વૃદ્ધ દિવસો** આવે છે' એમ જણાવવાને બદલે 'અને કર્મમાસ સાથે સૂર્યમાસ વિચારતાં **છ વૃદ્ધિતિથિઓ** આવે છે' એમ જૂઠે જૂઠું જાહેર કરી દીધું છે. આ નવીનો આવા શાસનરસિક છે!

## ચૌદશ પુનમ કે ચૌદશ અમાસાદિનો છઠ્ઠ સાથે જ કરવાનો છે, અને તેથી પર્વતિથિ બે લખાય જ નહિ

એ રીતે નવીનોની માફક લૌકિક પંચાંગમાં આવતી પર્વ-વૃદ્ધિ વખતે પૂર્વ અને પૂર્વતર અપર્વતિથિની વૃદ્ધિ પૂર્વાચાર્યોનાં કથન મુજબ ન કરવામાં આવે અને તેમને તેમ જ પર્વતિથિ માની લેવામાં આવે તો જોડીયાં પર્વ આવે તે વખતે જોડીયું પર્વ છૂટું પડી જવાથી છઠ્ઠ તૂટી જાય છે; જ્યારે શાસ્ત્રકાર મહારાજાઓ તેવા વખતે બે તેરશ આદિ જ કરી નાખીને જોડીયાં પર્વને સાથે રાખવાવડે તે જોડીયાં પર્વનો સળંગ જ છઠ્ઠ કરી આપવાનું સાફ સાફ ફરમાવે છે તે નીચેના પાઠોદ્વારા સમજી શકાશે.

(૧) વિ. સં. ૧૫૬૩ માં શ્રી તપાગચ્છીય દેવવાચકના શિષ્ય યશોવિજયજીએ લખેલ પર્વતિથિમાંથી ઉદ્ધૃત—

**'जम्हा पुण्णिमाखए तेरसीखओ होइ पुण्णिमावुड्ढिए वि तेरसीवुड्ढि, इइ वयणं पुव्वसूरिहिं भणियं ।'**

**અર્થ**:—જેથી કરીને પૂર્ણિમાના ક્ષયે તેરશનો ક્ષય થાય છે તેમ પૂર્ણિમાની વૃદ્ધિથી પણ તેરશની વૃદ્ધિ કરવી, એ પ્રમાણેનું વચન પૂર્વાચાર્ય મહારાજાઓએ ફરમાવેલું છે. **'यत् पूर्णिमायाः क्षये वृद्धौ च त्रयोदश्याः'** પૂર્ણિમાના ક્ષય અને વૃદ્ધિ વખતે તેરશની વૃદ્ધિ અને ક્ષય કરવા.

(૨) વિ. સં. ૧૮૯૫ ના ચૈત્ર શુદ ૧૪ ના દિને પંડિત ભોજાજીએ ખરતરગચ્છના કપુરશાને તપગચ્છનાયક શ્રી વિજયદેવસૂરિજીના લખી આપેલ મતપત્રકમાંથી ઉદ્ધૃત—

**'पूर्णिमाभिवृद्धौ त्रयोदश्या वृद्धिर्जायते, पूर्णिमावृद्धौ त्रयोदशीवर्द्धनम्, पूर्णिमाभिवृद्धौ द्वे त्रयोदश्यौ, अन्यथा गुरुलो पीठको भविष्यसि इति दिक् ॥'**

**અર્થ**:—પૂર્ણિમા વધે ત્યારે તેરશની વૃદ્ધિ થાય છે. પુનમની વૃદ્ધિ હોય ત્યારે તેરશની વૃદ્ધિ કરવી. પુનમની વૃદ્ધિએ બે તેરશ કર. અન્યથા ગુરુને લોપનાર અને ઠગ થઇશ ! વધારે શું કહેવું ? વાચકોએ અત્ર ધ્યાનમાં રાખવું કે **વિદ્યમાન શ્રી તપગચ્છ** આ. શ્રી દેવસૂરિ મહારાજની જ આણમાં પ્રવર્તતો હોવાથી આપણે શ્રી દેવસુરસંઘ ગણાઇએ છીએ.

(૩) વિ. સં. ૧૫૭૭ ના મુનિશ્રી રૂપવિજયજીની પ્રતમાંથી ઉદ્ધૃત—

**'यत् पूर्णिमायाः क्षये वृद्धौ च त्रयोदश्याः, एवमेव वयं कुर्म इति, अन्यथा षष्ठस्तपः कथं स्यात् ?'**

**અર્થ**:—જેથી પૂનમના ક્ષયે અને વૃદ્ધિએ તેરશ કરવી. અમે પણ એમ જ કરીએ છીએ; નહિં તો છઠ્ઠ તપ કેવી રીતે થાય ?

(૪) તપગચ્છની આચારમય સામાચારી પત્ર ૩—

'पौषधप्रतिमायां पूर्वोक्तानुष्ठानपरः मासचतुष्टयं यावत् अष्टमीचतुर्दश्योः पूर्णिमाऽमावास्ययोश्च चतुर्विधाहारविरतश्चतुर्विधं पौषधं कुरुते ।'

**અર્થ:**—શ્રાવકની બાર પડિમામાંની ચોથી પડિમા વહન કરતી વખતે પૂર્વે કહી ગયા તે અનુષ્ઠાનમાં તત્પર ધર્માત્મા ચાર માસ પર્યંત આઠમ અને ચૌદશમાં અને પૂર્ણિમા તથા અમાસમાં ચતુર્વિધ આહારનો ત્યાગ કરીને ચારે પ્રકારનો પૌષધ કરે. અહિં ધ્યાન રાખવું કે તે પ્રતિમા વહન કરનાર પખ્ખીરૂપ ચૌદશના અને પૂર્ણિમા અમાસનો ઉપવાસ કરે જ કરે એમ સાફ આજ્ઞા હોવાથી ચૌદશ તથા અમાસે તેને છઠ્ઠ જ કરવો પડે છે, તો પૂર્ણિમા કે અમાસના ક્ષયે એક તિથિમાં બે તિથિ મેળવી દેવાનું તથા વૃદ્ધિએ ૧૪–૧૫ અને ૧૪–૦)) વચ્ચે જો નવીનોની માફક ખોખું કે ડબલું ઘુસાડી દઇને ૧૪/૧૫ કે ૧૪–૩૦–૩૦ એમ ભેળું લખવામાં આવે તો ચોથી પ્રતિમા વહન કરનારને સળંગ છઠ્ઠ કરી આપવાની શાસ્ત્રકારોએ કરેલી આજ્ઞાનો ભંગ થાય છે? અને તે નવીનો કરે પણ કલ્યાણકામી આત્માથી બની શકે તેમ નથી. આથી રામચંદ્રસૂરિજીના દાદા પરદાદા ગુરુઓએ અને સં. ૧૯૯૨ સુધી શ્રીરામચંદ્રસૂરિજીએ પણ આવું, જૈનજૈનેતરોને ય અમાન્ય એવું, ભેળી તિથિ લખવાનું બેવજુદ વલણ લીધું નથી.

**ચાલુ વર્ષ વિ. સં. ૧૯૯૮ માં અષાડ વદ ૧૪ તો તા. ૧૧–૮–૪૨ ને મંગળવારે જ છે.**

ચંડાંશુચંડૂ પંચાંગમાં આ વર્ષે અષાડ વદ ૦)) બે છે. આથી કેટલાકો 'શાસ્ત્ર અને પરંપરા મુજબ બે તેરશ નહિં કરવી પણ અમો કહીએ છીએ એ પ્રમાણે આરાધનાનાં લોકોત્તર પંચાંગમાં પણ બે અમાસે જ કરવી અને ચૌદશ અમાસ

જોડીયા પર્વને છૂટાં પાડીને જ અષાડ વદ ૧૪ કરવી ' એમ કહીને એવો પ્રચાર કરી રહ્યા છે કે–શાસ્ત્ર, પૂર્વાચાર્યોનાં વચનો અને પરંપરા મુજબ પહેલી અમાસે થતી મંગળવારની અષાડ વદ ૧૪ ની આરાધના ન કરવી; પણ જેઓ શાસ્ત્ર અને પૂર્વાચાર્યોની આજ્ઞાને અનુસરવાને ઇચ્છતા હોય તેઓએ તો તા. ૧૧–૮–૪૨ ને મંગળવારે જ અષાડ વદિ ૧૪ ની આરાધના કરવી જોઇએ.

તા. ૧૧–૮–૪૨ ને ભોમવારે તો લૌકિક જ અમાસ હોવાથી લોકોત્તર એવા શ્રી જૈન સંઘે પણ તે દિવસે પહેલી અમાસ હોવાની કરવી એ મિથ્યા આરોપ જ ગણાય. શાસ્ત્રકાર મહાત્મા તેવા મિથ્યા આરોપનો સર્વથા નિષેધ કરે છે. વળી બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગિયારશ, બે ચૌદશ, પૂર્ણિમા અને અમાસ એ બારે તિથિઓએ પ્રાય: કરીને જીવો પરભવના આયુષ્યને ઉપાર્જે છે એમ જ્ઞાનીઓએ ફરમાવ્યું છે, માટે પણ તિથિના ક્ષયવૃદ્ધિના પ્રસંગે જે દિવસ શાસ્ત્રકાર મહારાજાઓએ તેમજ પૂર્વ આચાર્યવર્યોએ આરાધવા માટે ફરમાવેલ હોય તે દિવસે જ અષાડ વદિ ૧૪ ની આરાધના કરવી જોઇએ.

પહેલી અમાસને અમાસ કહીને મંગળવારને બદલે સોમવારે ચૌદશ માનનારાઓ વસ્તુત: ચતુર્દશી પર્વના આરાધક નથી, પણ પોતાની જૂઠી કલ્પનાની જ આરાધના કરનારાઓ છે. આથી કલ્યાણકામી આત્માઓને વિનંતિ કરવાની કે–કોઇ **પણના ખોટા પ્રચારથી નહિં દોરવાતાં, તા. ૧૧–૮–૪૨ ને મંગળવારે જ અષાડ વદિ ચૌદશની આરાધના કરવા માટે ઉજમાળ બનવું.** તા. ૧૦–૮–૪૨ સોમવારે જ અષાડ વદ ૧૪ હોવાનું કહેનારા અને પ્રચારનારાઓ તો શાસ્ત્ર, પૂર્વાચાર્યોનાં વચનો અને પોતાના દાદા પરદાદા ગુરુ આદિનાં વચનો અને આચરણા ઉપર પગ મૂકનારા છે.

## પાંત્રીશેક સાધુસમુદાયમાંથી ફક્ત ત્રણ જ સમુદાય સોમવારે ચૌદશ કરશે !

**૧ પ. પૂ. આ. શ્રી વિજયનેમિસૂરિજી, ૨ પ. પૂ. આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી, ૩ આ. શ્રી વિજયહર્ષસૂરિજી, ૪ આ. શ્રી વિજયવલ્લભસૂરિજી, ૫ આ. શ્રી વિજયમોહનસૂરિજી, ૬ આ. શ્રી ઈન્દ્રસૂરિજી, ૭ આ. શ્રી વિજયભક્તિસૂરિજી,** ૮ આ. શ્રી વિજયકુમુદસૂરિજી, ૯ આ. શ્રી વિજયન્યાયસૂરિજી, ૧૦ આ. શ્રી વિજયલાભસૂરિજી, ૧૧ આ. શ્રી વિજયદેવસૂરિજી, ૧૨ આ. શ્રી ઋદ્ધિસાગરસૂરિજી, ૧૩ આ. શ્રી વિજયસૌભાગ્યસૂરિજી, ૧૪ પં. શ્રી લાભવિ૦ મ૦, ૧૫ પં. શ્રી સુરેન્દ્રવિ૦ મ૦, ૧૬ પં. શ્રી કીર્તિમુનિજી મ૦, ૧૭ પં. શ્રી અવદાતવિ૦ મ૦, ૧૮ પં. શ્રી નયવિ૦ મ૦, ૧૯ પં. શ્રી દુર્લભવિ૦ મ૦, ૨૦ પં. શ્રી રંગવિમલ મ૦, ૨૧ પં. શ્રી લલિતવિ૦ મ૦, ૨૨ પં. શ્રી પુણ્યવિમલ મ૦, ૨૩ પં. શ્રી હીરમુનિજી મ૦, ૨૪ પં. શ્રી કલ્યાણવિમલ મ૦, ૨૫ પં. શ્રી રવિવિમલ મ૦, ૨૬ પ્રવર્ત્તક શ્રી કાન્તિવિ૦ મ૦, ૨૭ શ્રી અમરવિ૦ મ૦, ૨૮ શ્રી દાનમુનિજી મ૦, ૨૯ શ્રી દર્શનવિજયજી ત્રિપુટી મ૦, ૩૦ મુનિવર્ય શ્રી ગુલાબવિજય દાદાનો સમુદાય વિગેરે શ્રી દેવસુરસંઘ તપાગચ્છના ૩૦ થી ૩૨ પૂ. આચાર્યાદિ મહારાજાઓના સમુદાયના સંખ્યાબંધ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો **તા. ૧૧–૮–૪૨ ને મંગળવારના દિવસે જ અષાડ વદિ ૧૪ કરવાના છે.**

જ્યારે શાસ્ત્ર અને પરંપરાથી વિપરીત વર્ત્તનાર આ૦ શ્રી રામચંદ્રસૂરિજી અને તેના મતમાં ભળનારા આ૦ શ્રી

લબ્ધિસૂરિજી અને આ૦ શ્રી સિદ્ધિસૂરિજી એ ત્રણ જ જણનો સમુદાય તા. ૧૦-૮-૪૨ સોમવારે ચૌદશ કરવાના છે અને તે જૂઠું જ છે.

## સમિતિને લગતું વિવેચન કર્યું જ નથી

જનતાને આ વસ્તુથી ભ્રમમાં જ રાખીને, એ સત્ય વસ્તુ ઉપર પડદો નાંખીને પણ નવો મત પ્રચારવાની લતમાં પાલીતાણાની વાત પણ જૂઠી લખતાં શ્રીકાન્ત પોતાની ટ્રેકટના પૃ. ૨૧ મે લખે છે કે-" શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ સંમતિની સહીઓ લાવવાને માટે નીમેલી સમિતિ વિગેરેને લગતું જે વિવેચન કર્યું હતું, તેને અંગે જ સાગરજી મહારાજે આહ્વાન કરવાથી હું પ્રશ્નકાર તરીકે ઊભો થયો હતો; અને આ કારણસર મારે સાગરજી મહારાજને તેમણે કરેલા વિવેચનને અંગે જ પ્રશ્નો પૂછવાના હતા."

શ્રીકાન્તની ટ્રેકટનું આ લખાણ પણ તદ્દન ઉપજાવી કાઢેલું છે. નીમાયેલી સમિતિને અને આરાધના વિષયક પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશશ્રીના વ્યાખ્યાનને કશો ય સંબંધ હોઇ શકે જ નહિ અને નહોતો. તે વ્યાખ્યાનમાં પણ પાયચંદગચ્છીના ખુલાસા પછી જ્યારે 'અમારે અગિયાર તિથિ કરવી કે તેર તિથિ કરવી ?' એવો એક શ્રાવકે પ્રશ્ન કર્યો ત્યારે જ 'લૌકિક પંચાંગમાંની તિથિની ક્ષયવૃદ્ધિ વખતે આપણે તો આરાધના માટે બાર જ તિથિઓ કરવાની હોય છે.' એમ ખુલાસો પૂ. આચાર્યદેવેશે આપવાની ફરજ પડી હતી.

અને એ ખુલાસાના વિવરણમાં 'પર્વતિથિનાં ક્ષય કે વૃદ્ધિ વખતે આરાધનાનાં પંચાંગમાં જો પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની ક્ષય અથવા વૃદ્ધિ કરીને આરાધનાની એક પર્વતિથિ નક્કી લખવામાં ન આવે અને નવીનોની માફક અપર્વ અને પર્વ બંને

ભેળાં લખવામાં આવે તો–'આરાધના કરવી છે માટે તિથિ, કે તિથિ છે માટે તેની આરાધના? એ પ્રશ્ન ઊભો થાય છે.' નવું કરવાથી એ લોકોને 'આરાધના છે માટે તિથિ,' માનવી પડે છે. વાસ્તવિક તેમ નથી. આપણે તો તિથિ છે માટે આરાધના કરવાની છે.' વિગેરે કહીને પૂ. આચાર્યદેવેશશ્રીએ એ જ વક્તવ્યને દૃઢ કરનારાં અનેક શાસ્ત્રોનાં કથનો રજૂ કર્યાં હતાં. તે દરેક શાસ્ત્રવચનોનો ધ્વનિ એ જ હતો અને છે કે–'**પર્વ-તિથિના ક્ષય વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિનો ક્ષય કરવો, અને વૃદ્ધિની વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વ-તિથિની વૃદ્ધિ કરવી**' શાસનાનુસારી પરંપરા પણ એ મુજબ જ પ્રવર્ત્તી રહી છે.

એ પછી પૂ. આચાર્યદેવેશશ્રીએ ફરમાવ્યું હતું કે–'જેઓ લૌકિક પંચાંગની આઠમ આદિના ક્ષયે સાતમ માનીને અને આઠમનો ક્ષય માનીને સાતમ આદિમાં આઠમ આદિ આરાધવાનું આજે બોલી રહ્યા છે તેઓ ઉપવાસ કે પૌષધ આદિને અંગે આઠમ આદિ માનનારા છે અર્થાત્ આઠમ આદિને અંગે જ ઉપવાસ કે પૌષધ આદિ ધર્માનુષ્ઠાનો કરવાનાં છે, એમ હવે તેઓનું માનવું નથી. જ્યાં સુધી તેમના દાદા અને પરદાદા ગુરુઓએ અને ૧૯૯૨ સુધી તો એ નવા પંથના નેતાએ પણ એમ જ માન્યું છે, કહ્યું છે અને આચર્યું છે છતાં હવે ફરી બેઠેલ છે એ જ એ નવીનો સાથે સંઘને વાંધો છે. આ બાબત કોઈને શંકા હોય તો પૂછવાની છૂટ છે.' વિગેરે.

**શ્રીકાંતે કરવા લખેલો પ્રશ્ન પડતો મૂકીને આડો પ્રશ્ન કર્યો છે! અને તેથી તેની જિજ્ઞાસા નહિ પણ તોફાની વૃત્તિ સાફ સિદ્ધ છે!**

પૂ. આચાર્યદેવેશશ્રીની વ્યાખ્યાનસભામાં તિથિ સંબંધી

પ્રશ્નો છણાઇ રહ્યા હોવાને લીધે સભાને સત્ય માર્ગમાં દૃઢ થતી જોઇને નવો મત જૂઠો જ છે એમ વધુ ઊઘાડો પડી જવાના ભયે પંદર–વીશ માણસો સાથે એ સભામાં આવેલા શ્રીકાંતે પૂ. આચાર્યદેવેશે સજ્જનોની શંકા દૂર કરવા માટે નીખાલસપણે જ ઉત્તર પૂછવાની આપેલી છૂટનો પોતાનો દુરાશય સાધી લેવા ઊભા થઇને પૂ. આ૦દેવેશશ્રીને એ સાતમ આઠમના વિષય સંબંધી જિજ્ઞાસુ તરીકે જ પ્રશ્ન કરવા વિનંતિ કરી. જેના જવાબમાં પૂ. આચાર્યશ્રીએ અનેક જૂઠા લેખો ઘડીને સેંકડો ગાળો દેનારા એ શ્રીકાંતને ય ગંભીરપણે ઉત્તર આપવાની ઉદારતા બતાવી હતી. 'આ વખતે સભાનો અવાજ તો એ જ હતો કે એવાને ઉત્તર આપવાનો હોય જ નહિં, અને તું બેસી જા–બેસી જા.'

એ પછી લેખિત પ્રશ્નોત્તરોની વાત ચાલી હતી. પૂ. આ૦ દેવેશશ્રીના ઉપર્યુક્ત કથન ઉપર જ પ્રશ્ન કરવાની શ્રીકાંતે પોતાની માગણી ચાલુ રાખ્યાથી પૂ. આ૦દેવેશશ્રીએ પોતાના મન્તવ્યવાળું તે ઉચ્ચરેલ કથન લખાવવા માંડતાં જ તમે આમ બોલ્યા હતા, તેમ બોલ્યા હતા વિગેરે અનેક આડી વાતો કરીને શ્રીકાંતે ભરસભામાં પણ પૂ. આ૦દેવેશશ્રી સામે તોછડાઇ કરવા માંડી હતી. સભા આથી સમજી ગઇ કે આ ભાઇ પ્રશ્નને બ્હાને જિજ્ઞાસુ નથી પણ તોફાન વૃત્તિવાળા જ જણાય છે, એમ સભાના ઇંગિત આકારો પરથી સાફ જણાઇ આવતું હતું. એ ને એ રકઝકમાં તે દિવસે છ વાગી ગયા. પૂ. આ૦દેવેશશ્રીએ છેવટે તે દિવસે કહ્યું કે–આવતી કાલે પ્રશ્ન કરજે. તેણે કહ્યું ઠીક.

બીજે દિવસે એ ભાઇએ આવીને ગઇ કાલનું જ વક્તવ્ય લખાવવા પૂ. આ૦દેવેશશ્રીને કહ્યું: પૂ. આ.દેવેશશ્રીએ 'આવાની સાથે વાત જ ન હોય' એમ તે દિવસે પણ ઘણા બોલનારાને શાંત કરી–કરાવીને કહ્યું કે–'તેમાં વળી તું 'આમ બોલ્યા હતા અને હવે આમ બોલો છો!' વિગેરે વાતો કરીને ટાઇમ

-કાઢી નાખીશ, માટે પ્રથમ તારું મન્તવ્ય તું લખ અને મારું મન્તવ્ય હું લખું. એ પછી એના ઉપર તું પ્રશ્ન કર કે જેથી ઉત્તર દેવો સુલભ થાય.'

શ્રીકાંત કહે–તમો મંતવ્ય લખો, મારે લખવું નથી. પૂ. આ. દેવેશે એ વખતે પણ પ્રશ્નોત્તર કરવાની એ સિવાય અગવડતા જણાવી હતી. અને કહ્યું હતું કે મંતવ્ય લખ તો પણ શ્રીકાન્તે તે લખવા ના કહી. છેવટ બંનેનાં મંતવ્યો તમે જ લખો એમ શ્રીકાંતે પૂ. આ.દેવેશશ્રીને કહ્યું! તેમ તો તેમ પણ કબૂલ રાખીને પૂ. આ.દેવેશે એ પછી બંનેના મંતવ્યો લખ્યાં. અને તે એના મંતવ્ય ઉપર પણ પૂ. આ.દેવેશશ્રીને જ સહી માંગતાં પૂ. આચાર્યદેવેશશ્રીએ તેના ઉપર પણ સહી આપીને એક નકલ તેને આપી (વિગેરે સત્ય વાતો શાસન સુધાકરના ૧૨ મા અંકમાં જણાવાઇ ગઇ છે તે છે. આને બદલે એ વાતોને શ્રીકાંતે ટેકામાં ઊલટા સ્વરૂપે જ વધારી–વધારીને જ બહાર પાડી છે તે પોતાની શેખાઇ અને પૂ. આ.દેવેશશ્રીની નબળાઈ જણાવવાના જ એક માત્ર હેતુમાંથી નીતરી આવેલ છે.)

આ પછી શ્રીકાંતે જે પ્રથમ પ્રશ્ન લખ્યો તે તેની પોતાની સહીપૂર્વકનો હોઇને અમારી પાસે મોજુદ છે, અને તે અક્ષરશઃ નીચે પ્રમાણે છે.

**(૧) આપશ્રીએ આઠમે નથી ઉપવાસ કરતા એ વાત જણાવવાને માટે જે કહ્યું તેમાં પ્રશ્ન એ છે કે–આરાધના માટે જ તિથિ એવું કોણ માને છે? જેને આપ નવો મત કહો છો તેને ધરાવનાર તો તિથિને અંગે જ આરાધનની વિશિષ્ટતા માને છે તેનું કેમ?–શ્રીકાન્ત.**

આ પ્રશ્ન એ શ્રીકાંતે પ્રથમ લખ્યા પછી વિચાર પલટાઇ

જતાં એ પોતાની સહી સાથેનો લખેલ પ્રથમ પ્રશ્ન પડતો જ મૂકી દેવા એક એ પ્રશ્નપ્રમાણુ ચીઠી ફાડી લઈને ગુંજા આદિમાં મૂકી દીધી, જે સદ્‌ભાગ્યે ગુંજામાં ન જતાં બહાર જ પડી અને પાછળ બેઠેલ એક તીક્ષ્ણદૃષ્ટિ સભાજનને પ્રાપ્ત થઈ અને અમોને મળી. કુદરતની કેવી લીલા ?

એ પછી આપસઆપસમાં જ વિખવાદ કરાવવાના હેતુપૂર્ણ બીજો આડો જ પ્રશ્ન શ્રીકાન્તે લખી કાઢ્યો ! અને તે આ પ્રમાણે–

**પ્રશ્ન ૧ ભા. શુદિ પાંચમના ક્ષયે ત્રીજનો જ ક્ષય અને પાંચમની વૃદ્ધિએ ત્રીજની જ વૃદ્ધિ માને, કહે અને આચરે તેઓ સિવાયના જે કોઈ હોય તે સર્વે શાસનાનુસારી સંઘમાં ગણાય કે નહિં ? શ્રીકાંત.**

એ મુજબ એ બીજો આડો જ પ્રશ્ન લખીને તે બીજા વિષયાન્તર પ્રશ્નને જ પહેલો પ્રશ્ન લખીને, એ ભરસભામાં એ નામચીને શરમ છોડીને પૂ. આચાર્યદેવેશશ્રી સામે ધરી દીધો ! ક્યાં આઠમના ક્ષયે સાતમના દિવસે સાતમ નહિં માનીને આઠમ જ કેમ માનવી ? એવો જ એ વ્યાખ્યાનની વાતને અંગે કરવો જોઇતો અને કરવા કબૂલેલો તે પ્રશ્ન, અને કયાં ભા. શુ. ૫ ના ક્ષય અને વૃદ્ધિએ ત્રીજનો જ ક્ષય વૃદ્ધિ નહિ કરનારા સંઘબહાર ગણાય કે નહિં એ પ્રશ્ન ? છે કાંઈ સંબંધ ?

આવો આડો પ્રશ્ન સભામાં વંચાતાં સભાજનો એવાની સાથે વાત જ ન કરો એમ કહેવા લાગ્યા. એ વખતે અનેક ભાગ્યવાનોએ શ્રીકાંતના એ વલણ ઉપર મુખ મરડ્યાં ! તિરસ્કાર વરસાવ્યો ! સભાનું વાતાવરણ ગરમ બન્યું અને સાંજ પણ પડી ગઈ જેથી સભાને શાંત રહેવાનું સૂચન કર્યા બાદ પૂ. આ. દેવેશશ્રીએ શ્રીકાન્તને જણાવ્યું કે તારી ઇચ્છા હોય તો

અને તું કહે તો હાલ જ ઉત્તર આપી દઉં પણ છ વાગવા આવ્યા હોવાથી તું કહે તો કાલ ઉપર રાખીએ. શ્રીકાંતે કહ્યું ભલે તેમ કરો.

## નવો તિથિપક્ષ સંઘબહાર જાહેર થયો !

ત્રીજે દિવસે વ્યાખ્યાનમાં શ્રી ચતુર્વિધ સંઘની વિશાલ સભામાં ટાઇમસર આવેલા શ્રીકાંતને પૂજ્ય આચાર્યદેવેશશ્રીએ તેના પ્રશ્નનો ઉત્તર લખી આપીને જાહેર સભામાં સંભળાવ્યો કે—**તેઓ ચંડાંશુચંડુ પંચાંગમાં પર્વતિથિની હાનિવૃદ્ધિની વખતે શાસ્ત્ર અને વિજયદેવસૂરિજી આદિનાં વચનોને અવગણનાર ન હોવાથી તેવા ન ગણાય. પણ નવીનપંથીઓ શાસ્ત્ર અને વિજયદેવસૂરિજી આદિનાં વચનોને ઉઠાવનાર હોવાથી દેવસુરસંઘની બહાર ગણાય.**

**લૌકિક પંચાંગની પર્વતિથિની હાનિવૃદ્ધિ એ પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની હાનિવૃદ્ધિ કરવાનું પ્રશ્નકાર સિદ્ધ માને પછી આ પ્રશ્નનો પ્રસંગ ગણાય.**

**શાસનબહાર કોને ગણવા અને કોને ન ગણવા, એ અપ્રસ્તુત પ્રશ્ન લઇને તિથિ વિષયમાં નકામો વિક્ષેપ ઊભો કરવા કરતાં પ્રસ્તુત ચર્ચામાં તિથિનો આરંભ, સમાપ્તિ, પર્વતા, હાનિવૃદ્ધિ અને સંસ્કારાદિને પુરાવાથી નક્કી જણાવીને તે બાબતનો પ્રશ્ન કરવો યોગ્ય ગણાય.**

**તમારે નવા પક્ષની માન્યતા પ્રમાણે નીચેની બાબતના ખુલાસા લખવા.**

**૧ બંને પક્ષોનું પહેલે દિવસે લખેલું મંતવ્ય કબૂલ છે કે નહિ ?**

**૨ આરાધનામાં તિથિનો આરંભ કયારે અને કયા પ્રમાણથી ?**

**૩ લૌકિક અને લોકોત્તર માર્ગમાં તિથિની હાનિવૃદ્ધિ થાય કે નહિ ?**

**૪ પંચાંગમાં આવતી પર્વતિથિની હાનિવૃદ્ધિ વખતે પૂર્વ કે પૂર્વતર અપર્વતિથિની સંજ્ઞા ફરે કે નહિ ? આ વિષે ખુલાસો લખી આપ્યા પછી તમારે આગળ વધવું યોગ્ય છે.**

આ ઉત્તરને પણ વિકૃત બનાવીને શ્રીકાંત પોતાની ટ્રેકટમાં પૃ. ૩૫ પર લખે છે કે–મારા પ્રથમ પ્રશ્નનો ઉત્તર ડુપ્લીકેટ બુકમાંથી વંચાયો. આ ઉત્તરમાં '**તેઓ શાસ્ત્ર તથા પરંપરાને અને શ્રી વિજયદેવસૂરિના પટ્ટકને માનનારા હોઈને સંઘમાં ગણાય, પણ નવા મતના પર્વતિથિના લોપકો તો ગણાય જ નહિં. પ્રશ્ન અપ્રસ્તુત છે** વિગેરે.' વાચક મહાશય ! આ ઉત્તર પૂ૦ આ. દેવેશશ્રીએ આપેલા ઉપર મુજબના ઉત્તરથી કેટલો ખોટો પડે છે તે આપ જ વિચારશો. અત્રે શ્રીકાંતનો એવો બચાવ પણ ચાલી શકે તેમ નથી કે–'મારા પાસે તે લખાણ નહોતું એટલે ખોટો ઉત્તર લખાણો છે.' કારણ કે તેણે તો પોતાની ટ્રેકટમાં આસન પાથર્યું, આંખો કાઢી, વાટ જોઇ, શાન્ત કર્યા નહિ, આહ્વાન ઝીલી શકશે નહિં, ડીંડિમ પીટી શકાશે, વિગેરે પરના મનોભાવને પણ જાણી જવાની અને તે અક્ષરે અક્ષર યાદ રાખવાની તાકાત ધરાવતા હોવાનું જનતાને ભાન કરાવ્યું છે ! આવી તાકાતવાળો પોતે

માનતા નવા પક્ષને ભરસભામાં સંઘબહાર થવા જેવો 'પોતાને માટે પણ ભરપૂર જોખમનો' એ ઉત્તર ભૂલી જાય? સભામાં ટીચી ટીચીને ફેર વંચાયલો એ ઉત્તર ભૂલી જાય, એ માને જ કોણ?

પૂ. આચાર્યશ્રીએ આપેલો એ ઉત્તર સંભળાવ્યા બાદ શ્રીકાંતને કહેવામાં આવ્યું કે ભાઇ તારું મંતવ્ય લખી આપવાની પ્રથમ જરૂર પડશે. એમ કહેવામાં હેતુ એ હતો કે પ્રથમ દિવસે પૂ. આ. મહારાજે પોતાનું અને તેમનું મંતવ્ય પોતાની સહી કરીને લખી આપ્યું હતું. તે મંતવ્યના લખાણ ઉપર દ્વિ. જેઠ સુદ ૨ ને સોમવાર એમ સ્પષ્ટ તિથિ હતી, છતાં શ્રીકાંતે તે દિવસે જ લખેલા પોતાના પ્રશ્ન ઉપર પણ દ્વિ. જેઠ સુદ ૨ ને સોમવાર એમ તારીખ લખી નાખી હતી! આમાં એનો એ સ્પષ્ટ હેતુ તરી આવતો હતો કે પૂ. આચાર્યદેવેશે લખેલ પ્રથમના બંને મંતવ્યો સાથે તેને લાગતું વળગતું નથી. આ જબરી છેતરપીંડી પણ એમણે ભરસભામાં કરી!

આ અવસરે પૂ. જ્ઞાનવિજયજી મહારાજ અને સભાજનોએ પણ તેને તેનું પોતાનું મંતવ્ય લખી આપવાની ફરજ પાડવાથી જ મંતવ્ય હું આપને લખી આપું, તે પછી જ આપ ઉત્તર આપશો એમ શ્રીકાન્તને કબૂલ કરવું પડયું હતું. અને તે પછી તે મંતવ્ય લખવા બેઠેલ હતો. આને બદલે શ્રીકાંતે પોતાની ટ્રેક્ટના પાના ૩૪–૩૫–૩૬ અને ૩૭ ઉપર પૂ. મુનિરાજ શ્રીજ્ઞાનવિજયજી મહારાજ અને પૂ. મુનિરાજ શ્રીન્યાયવિજયજી મહારાજ ઉપર જે સખ્તાઇભરી કલમ વાપરીને કેટલુંય કલ્પિત ઘડી કાઢયું છે તે તેની આદતને જ આભારી છે.

પૂ. મુનિરાજ શ્રીન્યાયવિજયજી મહારાજે ઉત્તર વાંચી સંભળાવ્યા બાદ સભામાંથી પ્રશ્ન ઊઠ્યો કે–સાહેબ! પ્રશ્ન અને પ્રશ્નનો અપાયેલ ઉત્તર અમો સમજ્યા નથી, માટે સ્પષ્ટ સમજાવવા કૃપા

ફેરો. આથી પૂ. ન્યાયવિજયજી મહારાજે તેનો સ્પષ્ટ ખુલાસો કરવા માંડતાં શ્રીકાંતે ફરી વાંચવા દેવાની આનાકાની કરી. પૂ. ન્યાયવિજયજી મહારાજે કહ્યું કે–સભાની સ્પષ્ટ સમજવાની જિજ્ઞાસાનો ભંગ કરવો ઠીક નથી. આથી શ્રીકાંતે કહ્યું કે–જો એમજ છે તો એ વિષે આપે કરેલા વિવેચન ઉપર હું પણ બોલીશ. પૂ. ન્યાયવિજયજી મહારાજે કહ્યું કે–ભલે.

એ પછી પૂ. ન્યાયવિજયજી મહારાજશ્રીએ શ્રીકાંતનો પ્રશ્ન અને પૂ. આ. મ.નો ઉત્તર તલસ્પર્શી રીતે અને શાસ્ત્રપાઠોના આધારપુરસ્સર છતાં ય કોઇના ય ઉપર આક્ષેપ કર્યા વિના જ હસ્તે મુખડે સભાને સમજાવતાં સમસ્ત સભાને શાસનપક્ષ પ્રતિ અતિ આદર અને નવા પંથની જૂઠાઇને માટે ઘૃણા છૂટી હતી. પરિણામે પૂ. આચાર્યશ્રીએ આપેલો ઉત્તર વાંચતાં પૂ. મુનિરાજ શ્રીન્યાયવિજયજી મહારાજે '**તેવા નવીનપંથીઓ સંઘ બહાર ગણા...ય**' એમ બોલતાંની સાથે તો સભામાંથી કેટલા ય જનો બોલી ઊઠ્યા કે સંઘબહાર, સંઘબહાર. આ વાતને પણ પોતાની ટ્રેકટના પૃ. ૩૮ ઉપર અને પૃ. ૩૯ ઉપર ખોટી રીતે ચીતરીને શ્રીકાંતે પૂ. મુનિરાજ શ્રીન્યાયવિજયજી મહારાજને આપવડાઈ ગાનારા અને સિદ્ધિસૂરિજી, રામચંદ્રસૂરિજી અને પોતાના ઉપર પણ આક્ષેપ કરનારા ગણાવ્યા છે તે શ્રીકાંતના હૃદયમાં ઉપજેલા સાધુ પ્રત્યેના જ દ્વેષનું દિગ્દર્શન છે. વાચક મહાશય! શ્રીકાન્તની ટ્રેકટનાં એ ૩૮, ૩૯, ૪૦ અને ૪૧ મા પાનાને વાંચશો તો જણાઈ આવશે કે તેમાં સાધુઓને કેટલા હલકા ચીતર્યા છે? સાધુ પ્રતિ દ્વેષ જ જાગ્યા વિના આ બને? જો કે પોતાની એ ટ્રેકટમાં પણ નવો પક્ષ ચતુર્વિધ સંઘની સભા વચ્ચે જ સંઘબહાર થયો છે એ વાતની તો 'સંઘબહાર ગણાય, સંઘબહાર ગણાય' એવી પાંચ સાત ઠેકાણે વાતો

લખીને શ્રીકાંત રભસવૃત્તિથી પણ કબૂલ રાખે છે તે તો ઓછા આનંદનો વિષય ન જ ગણાય.

## ટ્રેકટનાં લખાણો ખોટાં છે

એ ટ્રેકટના પૃ. ૪૧માં પાલીતાણાના રહીશ જયંતિલાલભાઇને માટે પણ શ્રીકાંત ખોટું લખાણ કરી નાખે છે તે બદલ જયંતિલાલભાઇએ અમોને પોતાની સહીપૂર્વક જે લખાણ લખી મોકલેલ છે તે લખાણ પણ આ રહ્યું—

**'પાલીતાણામાં ઉશ્કેરણી ફેલાવવાનો સાગરાનંદસૂરિજીનો પ્રયાસ'** એ નામની તાજેતરમાં શ્રીકાંતે બહાર પાડેલી ચોપડીના પૃષ્ઠ ૪૧ના ફકરામાં 'આથી ચિત્રકાર જયન્તિલાલે ઊભા થઇને, પાલીતાણાના સંઘની વતી બંનેમાંથી કોઇ પણે સંઘબહારની વાતો કરવી નહિં' વિગેરે શબ્દો મારા બોલેલા હોવાનું જણાવ્યું છે તે બીલકુલ સાચું નથી.

**લી. જયન્તીલાલ ઝવેરી, જૈન ચિત્રકાર.**

એ ટ્રેકટના પૃ. ૩૦માં તો પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશશ્રીના સાધુઓ પણ અમારા મળતીયા હોઇને ફુટેલા છે, એવું દેખાડવાનું શ્રીકાંતે પાપ સેવ્યું છે. વાસ્તવિક શું બન્યું છે તે પણ નીચે મુજબના મુનિવર્ય શ્રીચંદનસાગરજી મહારાજના લખાણથી વાચકો જાણી શકશે.

પાલીતાણામાં ઉશ્કેરાટ સંબંધી શ્રીકાંતે કાઢેલી બુકના પા. ૩૦ ઉપરના છેલ્લા ચાર ફકરા તદ્દન જૂઠા છે, અને એ ફકરાઓ ઉપરથી પા. ૩૧ ઉપર ઘડી કાઢેલા બે ફકરા પણ મનસ્વીપણું જ જણાવે છે. શ્રીકાંતે મને ચાંદભુવન પાસે મળીને વંદના અને સુખશાતા પૂછ્યા બાદ 'નવીજૂની છે કાંઇ' એમ પૂછતાં

મેં કહ્યું કે નવું તો તમે કરવાના છો. તે છે. પણ ધ્યાન રાખજો કે તે ધર્મિષ્ઠતાનું લક્ષણ નથી. આ પછી 'ઠીક સાહેબ' કહીને તે ચાલી ગયા પછી બીજી વખત પણ બે વાર રસ્તામાં મળીને વંદના સુખશાતા પૂછીને નવાજૂની શ્રીકાંતે પૂછતાં જણાવ્યું હતું કે 'આઠમના ક્ષયનો પ્રશ્ન પડ્યો મૂકીને સંવત્સરીનો આડો જ પ્રશ્ન ઉઠાવ્યો તેથી ઘણાઓની ઇચ્છા અનુસાર તમોને ઉત્તર આપવા જેવું જ રહેતું નથી, એ નવું છે. આમ કરીને શું તમારે તોફાન કરવું છે ? તોફાન કર્યેથી ડરી જઇને પૂ. આચાર્ય તો તમોને ચર્ચાની જવાબદારીમાંથી નહિં છટકવા દે, પણ ત્રિપુટી મહારાજ પણ નહિં છટકવા દે એ હજુ ય સમજાતું નથી ? ભલા આદમી જાવ, જાવ. મારે તમારી સાથે ઊભા રહેવામાં ય લજ્જા જેવું છે.' આમ કહ્યા પછી તે ચાલ્યો ગયો હતો.

લી. મુનિ ચંદનસાગર

## નવા મતનો કાઠિયાવાડમાં ઠેર ઠેર બહિષ્કાર !

નવા પંથવાળાઓ આ રીતે ખોટે ખોટો પ્રચાર કરીને અગિયાર અને તેર તિથિને બહાને સંઘમાં ઠેર ઠેર કલેશ કરાવે છે અને શાસ્ત્ર તથા પરંપરાને ઉથાપીને પોતાનું જ શાસન સ્થાપવા માગે છે એમ પ્રાયઃ કાઠિયાવાડ સમસ્તને ખ્યાલમાં આવી ગયાથી, નવા મતવાળા કોઇપણ સાધુ કે સાધ્વીઓને પોતાના ગામ કે શહેરમાં ચાતુર્માસ જ કરાવતા નથી. તાજેતરમાં તળાજાખાતે તે મતના સાધુઓને ભૂલથી કરાઇ ગએલી વિનંતિ પણ પાછી ખેંચી લીધી છે. બીજા પ્રદેશો પણ જો આ રીતે શ્રી કાઠિયાવાડ સંઘનું અનુકરણ કરે તો એ નવા મતના નેતાને તુરત જ પોતાનો મત બંધ કરવો પડે, અને તો જ સંઘમાં પણ દરેક સ્થળે શાન્તિનું સામ્રાજ્ય સહેલાઇથી પથરાઇ જાય.

## રામચંદ્રસૂરિજી તપાગચ્છમાંથી નીકળી જાય

સમયધર્મ પત્ર તા. ૫-૭-૪૨ પૃષ્ઠ ૧૦૧ ઉપર સાફ સાફ લખે છે કે-મહાન ધુરંધર પૂર્વાચાર્યો અને વચલા કાળના આત્મારામજી મહારાજ, મૂળચંદજી મહારાજ, વૃદ્ધિચંદજી મહારાજ, શ્રી રત્નવિજયજી પંન્યાસ ( ડેલાવાળા ), દયાવિમલજી મહારાજ તેમજ લુહારની પોળના પંન્યાસ શ્રી પ્રતાપવિજયજી વિગેરે અને છેવટ શ્રી વિજયરામચંદ્રસૂરિજીના મોટા ગુરુ શ્રી વિજયદાનસૂરિજી અને આચાર્યપદવી લીધા પહેલાં ખૂદ શ્રી રામચંદ્રસૂરિજી, દરેક પરંપરાગત તપગચ્છમાં જે તિથિ પાળવાનો રિવાજ ચાલ્યો આવ્યો છે અને પૂર્વાચાર્યોએ પાળેલ છે તે પ્રમાણે પાળતા હતા.

**એ પરંપરા ઉપર શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ પગ મૂકીને નવો રસ્તો પોતે કાઢયો. ઉપાધ્યાય શ્રી ધર્મ-સાગરજીના કરેલા તત્ત્વતરંગિણી ગ્રન્થના પાઠના અર્થોમાં કેટલોક ફેરફાર કરી પોતાનું મંતવ્ય સિદ્ધ કરવા પેપરોદ્વારા ખૂબ પ્રયત્ન સેવ્યો, તો પણ એના સમુદાય સિવાય એક સિદ્ધિસૂરિજી એમાં ભળ્યા છે ! તે સિવાય કોઈપણ તપગચ્છના આચાર્ય શ્રી વિજય-રામચંદ્રસૂરિજીની માન્યતાને માન આપતા નથી અને જે જૂની પરંપરા છે તેને માને છે.**

**બીજું કેટલુંક જે પરિવર્ત્તન થયું છે તે ગચ્છભેદે થયું છે, પરંતુ તપગચ્છમાં એવા ભેદો પડયા નથી, એટલે એ વાત સ્વીકારવા જેવી નથી. શ્રી રામચંદ્રસૂરિજી તપગચ્છમાંથી નીકળી જાય અને બીજો નવો ગચ્છ સ્થાપે તો તિથિચર્ચાને કે તપગચ્છને એની સાથે કંઈપણ**

સંબંધ રહે નહિ. એ વિષય તરત અટકી જાય અને તપગચ્છમાંથી કલેશ પણ નીકળી જાય. તપગચ્છમાં રહીને જે આ પ્રરૂપણાભેદ કર્યો છે તે જ તપગચ્છના આચાર્યોને સાલે છે.

## શ્રીકાંતની ટ્રેકટનું લખાણ તદ્દન કલ્પિત છે.

લી. પ્રેક્ષક રમણલાલ વાડીલાલ બાંકરોલા

તા. ૧૪-૬-૪૨ થી તા. ૧૮-૬-૪૨ સુધીનો પાલીતાણા તિથિચર્ચા સંબંધીનો હેવાલ શ્રીકાન્તે પોતાના નામથી એક ટ્રેકટમાં છપાવીને બહાર પાડયો છે. એ ટ્રેકટ મળતાં ને વેંત આખીય વાંચી જતાં તેમાંની સેંકડો કલ્પિત વાતોને જોઇને મને એ લેખકના એ વલણ પ્રતિ ખૂબ જ દુઃખ થઇ આવ્યું. સીધો એ ચોપડી લઇને તે ચારે દિવસના વ્યાખ્યાનોમાં હાજર રહેલા પચીશેક માણસોને મળ્યો અને ટ્રેકટમાંની અનેક વાતો ક્રમસર બતાવીને પૂછયું હતું કે વ્યાખ્યાન સભામાં આવું બન્યું છે ? એમ આપના ખ્યાલમાં છે ? જવાબમાં સહુએ જ કહ્યું છે કે આમાંનું કશું જ બન્યું નથી. સાચું જે બન્યું છે તે શાસન સુધાકરના બારમા અંકમાં પ્રસિદ્ધ થયું છે તે જ છે. એ પછી પાલીતાણાના ઘણા આગેવાન શેઠીઆઓને પણ મળીને પૂછતાં સહુનું કહેવું એમ જ થયું છે કે-એ ચોપડીનું લખાણ કલ્પિત છે. આ બાબત કોઇએ વધુ ખાત્રી કરવી હોય તો પાલીતાણાના આગેવાન શેઠીઆઓને પુછાવવું.

## પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રીના વ્યાખ્યાનથી પાલીતાણામાં ઉશ્કેરણી ફેલાણી જ નથી.

પાલીતાણામાં પૂ. આ૦ દેવેશ શ્રીસાગરાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબે ગયા માસમાં 'આરાધના' સંબંધી અઠવાડિયા પર્યંત સુંદરતર વ્યાખ્યાનો આપ્યાં હતાં. ૧૧ તિથિ કરવી કે તેર તિથિ કરવી? એવા એક સુસદ્‌ગૃહસ્થે કરેલા પ્રશ્નના ઉત્તરમાં પૂ. આ. શ્રીજીએ આરાધનામાં બાર જ તિથિ કરવાની છે એમ શાસ્ત્રોના પાઠોથી અને પરંપરાથી સિદ્ધ કરી આપ્યું હતું. આઠમના ક્ષયે તેનો ક્ષય માનીને સાતમ રાખીને આઠમનો ઉપવાસ કરવાનું કહેનારાઓને આરાધનાને અંગે જ આઠમ કહેવી પડે છે. આપણે તો આઠમને અંગે આરાધના છે. વિગેરે પ્રાસંગિક વિવેચનને અંતે તેઓશ્રીએ કોઇને એ વિષે પૂછવું હોય તો પૂછવાની છૂટ આપી હતી. આ પ્રસંગે વ્યાખ્યાનમાં આવેલ શ્રીકાંતે આરાધનાને અંગે આઠમ માનનાર કોઈ પક્ષ નથી તેનું કેમ? એવો પ્રશ્ન કર્યો હતો. એ પ્રશ્ન લખી દેવાની વાત થતાં શ્રીકાંતે તે પ્રશ્ન લખવાને બદલે, સંવત્સરીનો પ્રશ્ન કર્યો તો પણ પૂ. આચાર્યદેવેશશ્રીએ ખૂબ જ શાન્તિપૂર્વક અને શાસ્ત્રોક્ત રીતિ અનુસાર ઉત્તર આપ્યો હતો, જે ઉત્તર શ્રીકાંતને નહિ રુચતાં સભામાં કોલાહલ કરાવી હુમલાનું વાતાવરણ ઊભું કર્યું હતું! આ અત્યંતે ખેદજનક બન્યું હતું. આ પછી શ્રીકાંતે કડીઆ આદિ પચાસેક માણસો સાથે ચાલ્યા જઈને બે મિનિટ કાંઇક બોલીને સાહિત્ય મંદિરે જ સીધા જવાનું યોગ્ય માન્યું હતું. તે પછી શ્રીકાંત તરફથી હાલમાં વળી એક નાની ચોપડી બહાર પાડી છે, જેમાં પાલીતાણાનો બનેલો તે હેવાલ યથાતથ્ય આપતા હોવાનો તેમણે ખૂબ દેખાવ કર્યો છે; પણ એ આખી ય ચોપડી વાંચી જતાં તેમાંથી કયું સત્ય તારવવું એ અમોને મુશ્કેલીભર્યું બન્યું છે. શ્રીકાંતે સભામાં અનેક વાર

ઉપસ્થિત કરેલા વિવિધ બનાવો સામે પૂ. આચાર્યદેવેશે જે સમતા જાળવીને સત્ય સિદ્ધાંતનું નીડરપણે રક્ષણ કર્યું છે તેને માટે અત્રે સકલ શાસનપક્ષ આજીવન ઋણી બની મુક્તકંઠે અનુમોદના કરી રહ્યો છે.

**મુનિશ્રી પ્રેમવિજયજી**

શ્રીકાંત પોતાને તિથિચર્ચા વિષયનો નિષ્ણાત જણાવવા જેવું ધતીંગ રજૂ કરીને–'શ્રીતત્ત્વતરંગિણી, હીરપ્રશ્ન, સેનપ્રશ્ન, શ્રાદ્ધવિધિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જ્યોતિષકરંડક, કલ્પકિરણાવલી, કલ્પ-સૂત્ર, બૃહત્કલ્પભાષ્ય, નિશીથભાષ્ય, નિશીથચૂર્ણિ, યોગવિંશિકા, કલ્પઅવચૂરિ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, દશાશ્રુતસ્કંધ, ધર્મસંગ્રહ વિગેરે ૧૯ મૌલિક શાસ્ત્રોથી ચર્ચા કરવા તૈયાર હોવાનું અભિમાન ઉછાળવા જતાં રાત લઈને ભાગી જનાર પ્રવંચનપ્રભાવક આગાઢ-પ્રજ્ઞકુવિહિતશિરોમણિ મામોપાધ્યાય અથવા **उप–अधी–आय**ની શ્રીતત્ત્વતરંગિણીના **तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसंभवात् । किन्तु प्रायश्चित्तादित्रयोदश्येवेति व्यपदिशमानत्वात्** આદિ સાદા અનેક પાઠોના ય ઊંધા અર્થો કરીને ભારેભાર જાહેર કરેલી અજ્ઞાનતા ઉપર પણ મેખ મારે છે? અર્થાત્ એ અજ્ઞાની છે, હું તેવો નથી એમ જણાવે છે. આ કેવી અભિમાનદશા? જો કે એ બિચારા ઉપાધ્યાયે (?) તો શ્રીરામચંદ્રસૂરિજીને વહાલા થઈને પણ જેમ તેમ સૂરિપદનું બાચકું ભરી લેવા શ્રરામ૦ની સંમતિથી શ્રીરામ૦ના નવા તિથિપંથને બ્હેકાવવા માટે પર્વ-તિથિપ્રકાશ બહાર પાડ્યા પછી તો તિથિસાહિત્યદર્પણ અને પ્રશ્નત્હોંતેરી વિગેરે હડહડતાં જૂઠા સાહિત્યો પોતાને નામે જ બહાર પાડી દઈને સમાજના વિદ્વદ્વર્ગમાં આજન્મકીર્તિ કલંકિત કરી મૂકી છે તો પણ શ્રીરામચંદ્રસૂરિજીએ તો એ કામ કઢાવી લેવા પૂરતા જ એ ઉપાધ્યાય(?)ને રમાડી લઈને પદ માટે તો આંખ ચોળતા રાખ્યા પણ પોતાના ભક્તોદ્વારા ય એનાં

સન્માન ઊંચે મૂકી દીધા છે! આ [illegible] એડીકાન્ત એને અજ્ઞાની ગણાવે એમાં આશ્ચર્ય [illegible] જ નથી. વાચક મહાશય! અત્ર ધ્યાન રાખશો કે–શ્રીજંબુવિજયના જ વીરશાસનમાં આવેલા એ સર્વ સાહિત્યના લેખો વાંચી વાંચીને જ થયેલા આ કહેવાતા વિદ્વાન ભાઇ શ્રીકાન્ત છે! એ સિવાય એ બાપડાને શાસ્ત્રની તો ગંધ સરખી ય નથી પણ અજ્ઞાન ટોળામાં નહિં ઝાડ ત્યાં એરંડો વૃક્ષ એ ન્યાયે આવી આડંબરી છટાદાર વાતોના આધાર તળે એ બિચારાને પ્રાપ્ત થએલા એ નવા પંથના સ્વામી અને તેના ભક્તભક્તાણીઓના પણ પૂજા અવસરને અર્થકામમાં પડેલા એમણે કેમ ન વધાવવો? એ જ એની આવાં મૂળનાં પણ જૂઠાં લખાણોમાં છૂપાયેલી ભારી મુરાદ છે.

## મંતવ્ય આપ્યું નહિં અને ઉત્તર પણ માગ્યો નહિં!

પ. પૂ. આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીનાં વ્યાખ્યાનો હું કવચિત ચૂકતો હોઇશ. હમણાં તિથિચર્ચાનું સ્વરૂપ ચાલતું હોઇને તેમાં લોકો ખૂબ રસ લઇ રહ્યા હતા, પણ શ્રીકાંતે ખોટી રીતે તોફાન કરીને તે ડોળી નાખવાથી લોકોને ભારે અંતરાય થયો છે. એ પછી વળી શ્રીકાંતે એક ચોપડી બહાર પાડી છે તે તો લગભગ ખોટી છે. શ્રીકાંતને હું સારી પેઠે ઓળખું છું.

શ્રીકાંતે પોતાની એ ટ્રેકટમાં પા. ૪૩ પૂ. આચાર્યમહારાજાના મુખમાં ય શબ્દો મૂકતા સંકોચ ધર્યો નથી. અને એ પોતે જ ઊભા કરેલા જૂઠાણાંને આધારે પૃષ્ઠ ૪૩ માં આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ સાહેબને શ્રીકાન્ત લખે છે કે–'જેવી આપની મરજી' આમ કહીને મેં સભાજનોને ઉદ્દેશીને કહ્યું કે "સાગરજી મહારાજ ગઇ કાલે કબૂલ કર્યા છતાં આજે મારો ખુલાસો સાંભળવાની ના પાડે છે, ગઇ કાલના ઉત્તરની નકલ આપવાની પણ ના પાડે છે અને પૂછવાનું આહ્વાન કરવા છતાં

મારા પ્રશ્નોનો જવાબ આપવાની પણ ના પાડે છે; આથી હું સભા છોડીને ચાલ્યો જાઉં છું. હું અહીં ચોગાનમાં થોડું કહેવાને ઈચ્છું છું, સૌને મારું સાંભળીને જવાની વિનંતિ છે.”

આ વસ્તુ પણ સત્યથી સાવ વિપરીત છે. પૂ ન્યાયવિજયજી મહારાજે ‘સભાના આગ્રહથી શ્રીકાંતને આપેલ ઉત્તર ફેર ‘સ્પષ્ટ’ વાંચવાની ફરજ’ શ્રીકાંતને સમજાવ્યા પછી શ્રીકાંતે કહ્યું કે જો એમજ છે તો હું એ ઉપર વિવેચન કરીશ, જેના જવાબમાં પૂ. ન્યાયવિ૦ મહારાજે ‘ભલે’ એમ કહ્યા પછી પ્રથમ કબૂલાત અનુસાર તે શ્રીકાંત મંતવ્ય લખવા બેઠો અને પૂ. ન્યાયવિજયજી મહારાજે જ્યાં શ્રી સભાને ‘**નવીનપંથીઓ સંઘબહાર ગણા...ય**’ ત્યાં સુધી જ સંભળાવ્યું ત્યાં તો સભામાંથી **સંઘ-બહાર–સંઘબહાર**ના ઉછળેલા પોકારે એ શ્રીકાંતનું મન– ‘પોતાના હાથે જ પોતાના પાળક અને પોષક સંઘબહાર ગણાયા હોવાથી’ એકદમ અકળાયું !

અને પૂ. ન્યાયવિ૦ મ૦ પાસેથી લીધેલા વચનનો અમલ કરાવવા એ શ્રીકાંતે ઊભા થઇ જઇને પૂ. ન્યાયવિ૦ મ૦ને કહ્યું કે–હવે હું બોલું છું. એ રીતે ઉત્તર પૂરો વંચાઇ રહ્યા પછી જ તેમણે બોલવાની શરતનો વચ્ચે બોલીને ભંગ કર્યા છતાં વિશદ-દિલ પૂ. ન્યાયવિજયજી મહારાજે ‘ખુશીથી બોલો’ એમ ચોકખું જણાવ્યું.

એ પછી શ્રીકાન્તે ઉક્ત મુનિવર્યશ્રીના અત્યંત સ્પષ્ટ અને શાસ્ત્રનિરાબાધ છતાં ય ખૂબ સૌમ્ય સ્પષ્ટીકરણ ઉપર વિવિધ આક્ષેપો કરીને પોતાના મળતીયાઓને પૂ. આચાર્યદેવેશશ્રી સામે ઉશ્કેરીને તાલોટા પડાવ્યા, અને પછી હુમલો કર્યો–કરાવ્યો હતો.

આખીયે સભાએ તેના આક્ષેપોનો નકાર કરીને એ વર્ત્તનને તિરસ્કાર્યું હતું. શબ્દો પાછા ખેંચી લઇને પણ અમારા મહા-

પ્રભાવક માટે કાંઈક બોલી લઉં છું એમ કહેવા જતાં, ઉત્થાપકને અહિં કોની સાથે પ્રભાવક ગણાવે છે? વિગેરે શબ્દો પણ સભામાંથી એક સામટા એ હુમલા પહેલાં કોઈક જનોના મુખમાંથી સરકી પડયા હતા!

પૂ. મુનિવરોએ કપરા અવસરે સમયસૂચકતા વાપરીને હુમલાને ખાળ્યો હતો. આ વખતે શ્રીકાંત અવસર સાધીને પોતે આપવાનું પોતાનું મંતવ્ય આપ્યા જ વિના અને લેવી ઘટતી પોતાના પ્રશ્નના ઉત્તરની નકલ પણ માગ્યા જ વિના ચાલ્યો ગયો હતો.

એ પછી પૂજ્ય ન્યાયવિજયજી મહારાજે સભાને સંભળાવવાનો બાકી રહેલો ઉત્તર સંભળાવી દઇને પૂરો કર્યા બાદ એ શ્રીકાંતે ફરીથી પણ સભામાં પગલાં કર્યાં એટલું જ નહિં પણ 'સર્વમંગલ'નો ટાઇમ આવતા ફરી એ ભાઈ બોલી પણ ઊઠયા કે 'બોલવાનું કહેલ હોવાથી મારે બોલવું બાકી છે.' 'બોલવાનું કહ્યું એ અનુસાર તો તને બોલવા ય દીધો અને બોલીને બોળ્યું પણ ખરું. હવે વળી શ્યે આધારે બોલવાનું માગે છે?' આવો એક સરખો ઉચ્ચાર એ વખતે સભામાં શરૂ થઇ ગયો. પૂ. આ. મહારાજે તથા સભાજને તેમ છતાં ય સભાને શાંત કરીને તેની તે દિવસે તો ઉપેક્ષા જ કરી. અર્થાત્ કોઇપણ એ પછી તો એની સાથે તે દિવસે ન જ બોલ્યું તે ન જ બોલ્યું! સભા વિસર્જન થઈ.

ચોથે દિવસે એ ભાઈ વળી કડીઆ સહિત વધુ માણસો વ્યાખ્યાનમાં લઈને આવ્યો. પૂ. આચાર્યદેવશ્રીએ તે દિવસે પણ શ્રીકાંત સહિત પચાસેકની ઉપેક્ષા કરીને આરાધના વિષયક સીધું વ્યાખ્યાન ચલાવ્યું. વ્યાખ્યાન પૂરું થવા આવતાં કડીયાના ઇસારાથી શ્રીકાંત 'મારે બોલવું બાકી છે તો મને ટાઇમ આપો' એ શબ્દોથી વધુ એક પણ અક્ષર બોલવાની હિંમત કરી શકેલ નહિ, છતાં તે વખતે સભાજનોને ઉદ્દેશીને હું આમ બોલ્યો, વિગેરે જે તે ૪૩

માં પાનામાં લખે છે તે ઉપર જણાવ્યું છે તેમ તદ્દન કલ્પિત છે. એટલું જ કલ્પિત છે એમ નહિં આખી ચોપડી જ કલ્પિત છે.

વાત એટલી છે કે—એટલું માત્ર બોલતાંની સાથે પૂ. આ. દેવેશશ્રીએ કહી દીધું હતું કે-ગઈ કાલે તેં ઊલટો પ્રશ્ન કરીને સભામાં તોફાન જગાડયું ત્યારે જ તારી સાથેની વાત પતી ગઇ છે. આમ છતાં એ ભાઇ સભામાં બોલવાની ચેષ્ટામાં પડતાં જ્યારે સભાજનો પૈકી કોઇએ તેને સાંભળ્યા જ નહિં ત્યારે ફેર કડીયાની સૂચનાથી પચાશેક માણસો સાથે સભા છોડીને ચોગાનમાં બે મિનિટ માત્ર બોલ્યા તે આ રહ્યું—અમારા પૂ. ગુરુદેવ શ્રી દાનસૂરીશ્વરજી મહારાજ તથા પરમ શાસનપ્રભાવક (?) આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજને શ્રી સાગરાનંદસૂરિજીએ પોતાની વ્યાખ્યાનસભામાં ઉંટ અને ગધેડા કહ્યા હોવાથી તથા મારા પ્રશ્નોનો ઉત્તર નહિં દેતા હોવાથી તેઓ પ્રતિ હું તિરસ્કારની દૃષ્ટિથી જોઉં છું,' આને બદલે એની ટ્રેકટમાં પોતે ચોગાનમાં શું બોલ્યો તેને માટે જે ૪૩ અને ૪૪ બે પાનાં ભરી કાઢયાં છે તે તો માત્ર તેની પદ્ધતિનો જ ચીતાર લાગે છે; કારણ કે તે વખતે હું હાજર જ હતો.

એ શ્રીકાંતનો ખુલાસો, કબૂલાત મુજબ સભામાં સંભળાયો જ છે અને એનો સાર પણ હવે તો સમસ્ત જગતે જાણ્યો છે. ઉત્તરની નકલ આપવાની ના કોઇએ કહી પણ નથી અને કહેતું પણ નથી. તેણે જ તે વખતે નવા પક્ષનું મંતવ્ય આપવું પડે તેમ છે તેથી તે ઉત્તર માગ્યો નથી અને છેતરપીંડી કરીને પોતે માનતા નવા તિથિમતનું મંતવ્ય કબૂલાત છતાં ય આપ્યું નથી. પૂ. આચાર્યશ્રીને પૂછતાં તેઓ તો ઇચ્છે જ છે કે તે સાચો જ હોય તો હજુ ય નવા પક્ષનું મંતવ્ય આપી જાય અને અપાયલો ઉત્તર લઇ જાય.

**વાડીલાલ જગજીવનદાસ શાહ**

**૧૯૬૨ માં કપડવંજ મુકામે પૂ. આચાર્યશ્રીએ શ્રી સંઘ વચ્ચે ભા. શુ. ૫ ના ક્ષયે ત્રીજનો જ ક્ષય અને વૃદ્ધિએ ત્રીજની જ વૃદ્ધિ થાય એમ સાફ જાહેર કરીને કુવૃષ્ટિ ન્યાયે જ સંઘ સાથે સંવત્સરી કરી છે.**

શ્રીકાંતે ટ્રેકટના ૨૨ મા પાનામાં સાગરજી મહારાજે જેવું કર્યું છે ને માન્યું છે તેવું, નથી તો આચાર્યશ્રી વિજયનેમિસૂરિજી આદિએ કર્યું કે માન્યું અને નથી તો આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી આદિએ કર્યું કે માન્યું. એમ લખીને સં. ૧૯૫૨-૧૯૬૨ અને ૧૯૮૯ માં ચંડાંશુચંડુ પંચાંગમાંની તે તે વખતની ભા. શુ. પાંચમના ક્ષયે પૂ. આ. એકલા શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે જ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય માન્યો હતો તેમ જણાવી પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજની તે માન્યતાને સંઘની માન્યતા નથી એમ જણાવવા ક્ષુદ્ર પ્રયાસ સેવવા જતાં ભા. શુ. પાંચમના ક્ષયે ત્રીજનો જ ક્ષય કરવો અને ભા. શુ. પાંચમની વૃદ્ધિએ ત્રીજની જ વૃદ્ધિ કરવી, એમ સાફ સાફ કહેનારા પૂર્વાચાર્યોને ય સંઘની માન્યતાથી વિપરીત વર્ત્તનારા જણાવવાનું પાપ વહોર્યું છે!

**ભા. શુ. ૫ના ક્ષયે ત્રીજનો જ ક્ષય થાય અને પાંચમની વૃદ્ધિએ ત્રીજની જ વૃદ્ધિ થાય. તે પાઠો આ રહ્યા-**

(૧) સં. ૧૫૬૩ શ્રી દેવવાચકજીનો પર્વતિથિનિર્ણય—

**'अत्र च पंचमीक्षये तृतीयाक्षयः, वृद्धौ सैवाद्य पंचम्यपर्वरूपेण गणिता तृतीयायां प्रस्थापिता तदनंतरं चतुर्थी, पश्चात् पंचमी आराध्या।'**

**અર્થ:**—અને અહીં પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો અને વૃદ્ધિમાં તે જ પહેલી પાંચમને અપર્વરૂપે ગણી છે અને

ત્રીજમાં સ્થાપી છે, તે ત્રીજ પછી તુરત જ ચોથ આરાધવી અને પછી પાંચમ આરાધવી.

( ૨ ) સોળમા સૈકાનો મહોપાધ્યાય દેવવિજયજીગણિના શિષ્ય જંબુવિજયજીનો પર્વતિથિનિર્ણય—

**'एवं भाद्रपदशुक्लपंचम्याः क्षये तृतीयायाः**
**वृद्धौ चापि तृतीयाया एव वृद्धिः कार्या ।'**

**અર્થ:**—એ પ્રમાણે ભાદરવા શુદ પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય અને ભા. શુદ પાંચમની વૃદ્ધિએ પણ ત્રીજની જ વૃદ્ધિ કરવી.

( ૩ ) ૧૭૯૨ ની પાક્ષિકવિચારની પ્રતમાંથી ઉદ્ધૃત—

**'एवममुना प्रकारेण भाद्रपदशुक्लपंचम्याः क्षये वृद्धौ च तृतीयस्थानवर्तिन्याः तृतीयायाः क्षयं वृद्धिं च कुरु, मा कदाग्रहग्रथिलो भव'**

**અર્થ:**—એ પ્રમાણે આ પ્રકારથી ભાદરવા શુદ પાંચમના ક્ષયે અને ભાદરવા શુદ પાંચમની વૃદ્ધિએ ત્રીજા સ્થાન ઉપર રહેલી ત્રીજનો ક્ષય અને વૃદ્ધિ કર, કદાગ્રહે કરીને ગાંડો ન થા.

( ૪ ) ૧૭૭૩ ની તપાગચ્છીય મુનિ રૂપવિજયજીની પ્રત—

**' संवत्सरीनी पांचमे त्रीजनो अने**
**सामान्य पंचमीए चोथनो क्षय करवो ॥ '**

( ૫ ) યતિદિનકૃત્યસામાચારી ધર્માધિકારે—

**' भाद्रपदशुक्लपंचम्याः क्षये तृतीयायाः क्षयः क्रियते ॥ '**

**અર્થ:**—ભાદરવા શુ. પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરાય છે.

ભા. શુ. પાંચમની ક્ષયવૃદ્ધિએ ત્રીજની જ ક્ષયવૃદ્ધિના આવા બીજા પણ અનેક સાફ સાફ પાઠો છ વર્ષથી છપાઇને ય પ્રસિદ્ધ થઈ ગયા હોવા છતાં નવીનપંથીઓ શ્રીકાંત જેવી

વ્યક્તિના નામે શાસનના પરમ ગીતાર્થ દેવોને ય હેલવાનું કુકૃત્ય હજુ ય છોડતા નથી તે તેનું દૃઢ કુમતાગ્રહપણું જ સૂચવે છે.

ટ્રેક્ટ પા. ૨૩ પર ૧૯૬૨ની સાલ સંબંધી શ્રીકાંત લખે છે કે–" કપડવણજ, એ સાગરજી મહારાજની જન્મભૂમિનું સ્થલ હોઇને બીજાં સ્થળો કરતાં ત્યાં તેમના જેવાની લાગવગ વધારે હોય તે સ્વાભાવિક છે. કુવૃષ્ટિન્યાય તો, બધા ફરી બેઠા હોય અને પોતે ફર્યાનો દેખાવ ન કરે તો કોઇપણ રીતે પોતાની સ્થિતિ જળવાઈ જળવાય તેમ ન હોય ત્યાં જ લાગુ થઇ શકે, અને કપડવંજના શ્રી સંઘે સાગરજી મહારાજને એવી કફોડી સ્થિતિમાં મૂકી દીધા હોય એવી કલ્પના પણ થઇ શકે એમ નથી. વધુમાં તે વખતે કપડવણજના વ્યાખ્યાનમાં વિ. સં. ૧૯૫૨ માં પોતાની ભૂલ થઇ હતી તેવી જાહેરાત પણ સાગરજી મહારાજે સરલતા બતાવીને કરી હતી, એવું સાંભળવામાં આવ્યું છે."

આ આખી ય વાત એ રમતીયાળ નેતાના એડીકાન્તે જાણે પોતાની જેવા આદમી માટે જ કરી નાખી હોય તેવી ધીકતી જૂઠાઇ વાપરીને કરી નાખી છે. અને એટલા માટે તો એ વાકયને અંતે 'એવું સાંભળવામાં આવ્યું છે.' એમ લખી નાખ્યું છે. પાદરા તો શ્રી રામચંદ્રસૂરિની જન્મભૂમિનું જ સ્થળ છે ને? ડભોઇ પણ શ્રી જંબુવિ૦નું જન્મભૂમિનું જ સ્થળ છે ને? તો ત્યાં ત્યાં તે બંનેની લાગવગ અને માન કેટલુંક છે? આની કે બે આની? તેવા સ્થાનભરમાં એ તિથિમતવાદીઓ પોતાનો ગજ વગાડી શકે છે? કપડવંજનો સંઘ કફોડી હાલતમાં ન જ મૂકે પણ સંઘ કફોડી હાલતમાં ન મૂકાય તેની તે વખતે કયા સંજોગોથી અને કેવી કાળજી રાખીને સહુની સાથે સંવત્સરી કરી છે, તે શ્રીકાંત અને તેના નેતા શું નથી જાણતા કે આવું

જૂઠું લખે છે ? હજુ ય નથી જાણતાં, એમ જૂઠું બોલવું હોય તો તેઓ કપડવંજના શ્રી સંઘને પૂછીને જાણી લે. જો કે પૂ. આ. દેવેશશ્રીએ તો તે વખતે પણ ૧૯૫૨ ની જ માન્યતા ત્યાંના સંઘ વચ્ચે જાહેર કરી છે અને સકલ સંઘને સંવત્સરી પ્રતિક્રમણમાં આવતો મિચ્છામિ દુક્કડં પણ તદનુસાર જ દીધો છે.

## આ. શ્રી રામચંદ્રસૂરિજીને ખુલ્લા પ્રશ્નો અને ચેલેંજ

### લેખક:–મુનિ શ્રી હંસસાગરજી મહારાજ

આપે પ્રશ્નો કરવા દેવાની લેખિત ના મોકલાવ્યા પછી આબરુદાર ગૃહસ્થોએ એકઠા કરેલા બંને આચાર્યો અને ત્રણ સુસદ્દગૃહસ્થોની હાજરીમાં તે ફેરવીને 'પ્રશ્નો કરવાની ના કહેવાય ?' એમ બોલ્યા પછી પણ પ. પૂ. આગમોદ્ધારક આચાર્ય મહારાજાશ્રીને પ્રશ્નો પૂછવાની તો સવળતા જ નહિં કરી આપતાં ગૃહસ્થોની નીમાયલી કમીટી વખતે તિથિચર્ચાના નાયક આપ બંને આચાર્યોએ ચર્ચા કરવી અને જે તારણ આવે તે બંને આચાર્યોના સમુદાયના સાધુઓએ માન્ય રાખવું—એવા ભાવવાળું લખાણ કરીને તે લખાણ ઉપર બંને આચાર્યોએ સહી કરી છે, તે આપ જાણો છો.

તે પછી શેઠ કસ્તુરભાઇની પણ હાજરીમાં આપે નકામું માનેલું આપનું મંતવ્ય અને ઉપરનું વધારાનું નિવેદન પાછું મંગાવી લેવું અને પૂ. આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીનું મંતવ્ય આપે પાછું મોકલી આપવું એમ આપણે નક્કી કર્યું હતું. એ મુજબ આપ વર્ત્યા નથી, તેમજ આપના પક્ષ તરફથી આપે આપ પોતે જ 'હોલસોલ' છો એમ કહ્યા પછી પણ પાછળથી 'છેવટ સહીઓ લાવવા માટે લખાયલા આઠ આચાર્યોનાં નામોમાં' આપના પક્ષના–જે ચર્ચામાં આવી જ ન શકે–અને જે આપ એક જ ગણાવ તેવા આચાર્યોનાં ત્રણ નામો લખાવ્યાં.

પરિણામ એ આવ્યું કે ચર્ચામાં 'આચાર્યોએ સહીઓ આપવી અથવા પોતે આવવું અથવા પોતાના એક આચાર્યને મોકલવા' એ શરતનું આ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજીદ્વારા પંન્યાસજીને મોકલવાનું કથન નીકળતાં પાલન ન થયું અને તેથી ચર્ચા જે આર્દ્રા પહેલાં જ થઇ જઈને સંઘમાં શાન્તિ સ્થપાવાની હતી તે અટકી ગઈ.

હવે તો શેઠ કસ્તુરભાઈ ચાતુર્માસ ઉતર્યે જ સરપંચ લાવશે અને કમીટી પણ તે વખતે જ આચાર્યોની સહીઓ અથવા આચાર્યો લાવી શકશે એવા સાફ સંયોગો જણાય છે.

આ રીતે ચર્ચા થવાનું લંબાતાં શાસ્ત્ર અને પરંપરાથી વિરુદ્ધ એવી આપની અષાડ વદ બે અમાસ આવીને આપણી સામે જે ખડી થઈ ગઈ છે. આ પ્રસંગ ફેર શ્રી સંઘને માટે દુઃખદ છે, કારણ કે શ્રી દેવસુર તપાગચ્છના પાંત્રીશેક સમુદાયો મંગળવારે જ અષાડ વદ ૧૪ કરવાનું જગપ્રસિદ્ધ છતાં આપના પક્ષના ત્રણ જ સમુદાયો સોમવારે અષાડ વદ ૧૪ કરવાનો આગ્રહ કરી રહ્યા હોવાથી શ્રી સંઘમાં કલેશ થશે. એમ ન બને એટલા માટે આપને 'આ વિનંતિ ગણો કે ખુલ્લી ચેલેંજ ગણો' એ ચેલેંજથી સવેળા ચેતાવું છું કે શ્રી સંઘની શાન્તિ માટે ૧૯૯૨ પહેલાં આપ જેમ તિથિઓ પાળતા હતા તેમ જ પાળવાનું વ્યાજબી છે એમ જાહેર કરો અથવા જાહેર સભામાં ચર્ચા કરવા તૈયાર થાવ. અમો આપનો મત તદ્દન ખોટો છે એમ શાસ્ત્ર અને પરંપરાથી જ જાહેર સભામાં સાબિત કરી આપવા તૈયાર છીએ. આપ જણાવો તો એ વિષે આપણે સાથે મળીને શરતો પણ તુરત કરી લઇએ.

'આમ કરવા તૈયાર જ થઇ જાવ' એમ અમો આથી આપને સ્પષ્ટ જણાવીએ છીએ, છતાં 'મારો મત સાચો છે, અમે કશું જ ફેરવ્યું નથી, અમે તો ચર્ચા કરવા હરપળે તૈયાર હતા અને છીએ, મારી પાસે અમારા પક્ષના ત્રણ આચાર્યોની સંમતિ તો

આવી જ ગઇ છે, અમારી પાસે તો સેંકડો પૂરાવા છે, અમો તો જૂની જ માર્ગે છીએ, એ છટકી જાય છે, એ તો પ્રશ્નોત્તરમાં બંધાઇ ગયેલ છે.' વિગેરે જૂઠું જ બોલ્યે અને પ્રચાર્યે રાખીને અષાડ વ. ૧૪ પહેલાં ચર્ચા કરવા તૈયાર જ ન થાવ અને એથી સંઘમાં કલેશ થાય તેના જોખમદાર અને જવાબદાર આપ જ રહેશો.

## ચર્ચા કરવા તૈયાર હોવાનું નીચેના પ્રશ્નોના ખુલાસા સાથે જણાવો

૧. પર્વતિથિ હોય તેને અંગે આરાધના, ઉપવાસ, પોષધાદિ વિહિત છે કે આરાધનાને અંગે અષ્ટમી આદિ પર્વતિથિ વિહિત છે?

૨. જૈન ગણિતને હિસાબે તિથિ અગર પર્વતિથિનો દિવસ,-તિથિનું બેસવું, તિથિનો ભોગ રહેવો અને તિથિની સમાપ્તિ થવી વિગેરેને આધારે છે કે કેવલ સૂર્યોદયને જ આધારે છે?

૩. જૈન ગણિતને હિસાબે કોઇપણ તિથિ ૬૧/૬૨ દિવસ-માનથી ઓછી અગર વધારે મનાતી નથી એમ ખરું? અને જો એમ હોય તો તિથિ કે પર્વતિથિનો ક્ષય આવે પરન્તુ વૃદ્ધિ તો આવે જ નહિં એમ પણ સાચું?

૪. દરેક યુગના અધિક આષાઢી પુનમનો જૈન ગણિતમાં ક્ષય જ આવે એમ ખરું?

૫. એવા અધિક આષાઢી પુનમનો જૈન ગણિતને હિસાબે ક્ષય હોવા છતાં શાસ્ત્રકારોએ સ્થાને સ્થાને તે પુનમનો ક્ષય નહિં ગણતાં પુનમ ઊભી જ રાખી છે એમ ખરું? અને તેમ કરીને તેને આષાઢી પુનમનો જ દિવસ ગણે છે એમ ખરું?

૬. અધિક આષાઢની ચોમાસી પુનમે મુખ્યત્વે અવસ્થાનરૂપ પર્યુષણા કરવી એમ શાસ્ત્રકાર કહે છે એમ ખરું?

૭. અપવાદ માર્ગે પણ તે આષાઢી પુનમથી વીશ દિવસમાં જ સ્થિરતારૂપ પર્યુષણા કરવાનું કહીને તે-વીશમી રાત્રિ ઓળંગનારને આજ્ઞાભંગાદિ દોષો લાગે એમ શાસ્ત્રકાર કહે છે ખરા ?

૮. અધિક આષાઢીની પુનમનો ક્ષય માનીએ તો ચૌદશે જ ચોમાસી માનવાનું થાય છે એમ ખરું ? અને ચૌદશે ચોમાસી માની તો શ્રાવણ શુદ પાંચમે અવસ્થાનરૂપ પર્યુષણ એકવીશમે દિવસે થાય અને તે શાસ્ત્રવચનથી વિરુદ્ધ ગણાય એમ ખરું ?

૯. આરાધનામાં તિથિની શરૂઆત સવારના પચ્ચક્ખાણના આરંભ વખતથી થાય એમ ખરું ? છતાં જેઓ પચ્ચક્ખાણના આરંભકાલ સિવાયની તિથિને માને અને નવા સૂર્યોદય પહેલાં કોઇ પણ વખત તે તિથિને સમાપ્ત થઇ ગઈ માને કે બીજી તિથિ થઈ એમ માને તે શાસ્ત્રવચનને લોપનાર થાય એમ ખરું ?

૧૦. જૈન ગણિતમાં અને જૈન આરાધનામાં તિથિનો આરંભ, ભોગ, સમાપ્તિ કે ૬૦/૬૧ દિવસ જેટલો ભોગ પણ તિથિની હયાતી મનાવનાર નથી પણ સૂર્યોદયને સ્પર્શનાર ૧/૬૨ દિનમાનની કે તેથી અલ્પ હોય તો પણ તે તિથિ જ આખો દિવસ મનાય એમ ખરું ?

૧૧. ૬૦/૬૨ દિનપ્રમાણવાળી તિથિ દિવસમાં હોય તો પણ સૂર્યોદયને નહિં સ્પર્શનાર તિથિને શાસ્ત્રકારો ક્ષયતિથિ, નષ્ટતિથિ, પતિતતિથિ આદિના નામથી ગણે છે એમ ખરું ? અને જો એમ છે તો પછી '**સાતમ આઠમ ભેળી**' આદિ વ્યવહાર કરનાર શાસ્ત્રથી વિરુદ્ધ છે એમ ખરું ? શાસ્ત્રકારો જેને ક્ષીણતિથિ એટલે ક્ષય પામેલી તિથિ કહે તેને ભેળી તિથિ કહેનાર ઉન્માર્ગગામી ખરો કે નહિં ?

૧૨. યુગના દ્વિતીય આષાઢની ચૌદશે સૂર્યોદય હોય છતાં તે

દિવસને શાસ્ત્રકારોએ ચૌદશ તરીકે નથી ગણ્યો એમ ખરું? અને તે દિવસ ક્ષીણ પૂનમની તિથિ સૂર્યોદયને નહિં સ્પર્શનાર છતાં શાસ્ત્રકારોએ તે દિવસને પુનમ તરીકે ગણ્યો છે એમ ખરું?

૧૩. યુગની દ્વિતીય આષાઢી પુનમનો ક્ષય હોવા છતાં તે દિવસને કેવલ પુનમ તરીકે ગણ્યો છે પણ '**ચૌદશ પુનમ ભેળી**' તરીકે તો નથી જ ગણ્યો એમ ખરું?

૧૪. જે પર્વતિથિ સૂર્યોદયને નહિં સ્પર્શનાર હોઇને ક્ષય પામેલી ગણાય છે તે પર્વતિથિ, પહેલાંની તિથિમાં તો હોય જ છે તો પછી '**क्षयेऽनुदया**' એમ નહિં કહેતાં '**क्षये पूर्वा**' એમ કેમ કહ્યું? જો પહેલાંની આખી તિથિને પર્વતિથિ મનાવવા માટે જ એ વાકય હોય તો પછી ક્ષય વખતે સાતમ આદિ તિથિઓ આઠમ આદિ પર્વતિથિઓ જ બની જાય છે એમ ખરું? અને તેથી આરાધનામાં તે વખતે સાતમ આદિનું નામ ઊડી ગયું અને ક્ષય થયો કે નહિં?

૧૫. આઠમ ચૌદશ આદિ તિથિયો ઉદયવાળી હોય અને ઔષધ આદિ કરે નહિં અને તેથી જે દશા ગણાય તે જ દશા આઠમ ચૌદશ આદિના ક્ષયને લીધે સાતમ અને તેરશ આદિમાં તે ઉપવાસ આદિ ન કરે તેમાં થાય કે નહિં?

૧૬. આઠમ આદિના ક્ષયની વખતે **छण्हं तिहीण० पच्चक्खाणं तु जंमि दिवसे० प्रातःप्रत्याख्यानवेलायां** ઇત્યાદિ વિચારવાને સ્થાને સાતમની સવારે રાઇ પ્રતિક્રમણ વખતે આજ આઠમ આદિ છે એમ કહે કે નહિં?

૧૭. આરાધનામાં તિથિ અગર પર્વતિથિની શરૂઆત સૂર્યોદય કે પ્રત્યાખ્યાન વખતથી થાય એમ ખરું? અને તેથી એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધી એક જ તિથિ ગણાય એમ નક્કી થાય છે કે?

આ કારણથી શાસ્ત્રમાં ' **उदयंमि जा तिही सा पमाणं** ' વિગેરે વાકયો કહેલ છે તો અન્ય સૂર્યોદય પહેલાં તિથિને ફેરવનાર અને તેને અર્ધી માનનાર કે મિશ્ર તરીકે માનનાર, આજ્ઞાભંગ કરનાર–અનવસ્થા કરનાર–મિથ્યાત્વદશાવાળો અને જ્ઞાનાદિની વિરાધના કરનાર થાય ખરો કે ?

[ એક દિવસની એક તિથિ માનવાની આજ્ઞા એ તોડે છે. સાતમ આઠમ આદિ ભેળાં કહીને પર્વ અને અપર્વની અનવસ્થા કરે છે. એક તિથિના વ્યવહારથી શ્રદ્ધા રહિત બને છે અને ઉપવાસ–પૌષધ આદિ ધર્માનુષ્ઠાનની વિરાધના કરીને જ્ઞાનાદિકનો વિરાધક બને છે. ]

**—ચાલુ**

**તા.ક.** ૧. આ. શ્રી રામચંદ્રસૂરિજીને જ આ પ્રશ્નો છે. તેઓશ્રી જાતે પોતાની સહી સાથે તરત ખુલાસો મોકલાવે અથવા જાહેર કરે અને ચર્ચા કરવા તૈયાર થઈ જવાની તેઓને અમોએ આ આપેલી ચેલેંજનો પણ સત્વર જાતે જ સ્વીકાર કરે એવી આશા સાથે હાલ વિરમું છું.

૨. આ વિષે શ્રી રામચંદ્રસૂરિજી સિવાય બીજા કોઇએ માથું મારવું નહિં, છતાં કોઇ આનો ઉત્તર આદિ દેવાનો પ્રપંચ સેવશે તો તેને મૂર્ખની કોટીમાં ગણી તેની ઉપેક્ષા કરવામાં આવશે.

# ઉપસંહાર

અહિં શ્રીકાંતની ટ્રેકટ અંગેનાં સાવ જૂઠાણાં મુદ્દાસર ખુલ્લા કરવાનો હેવાલ ઘણો ય લખવાનો બાકી હોવા છતાં પૂરો કરાય છે. આ હેવાલને જે ભાઇઓ કોઇપણ પ્રકારના પૂર્વગ્રહ વિના વાંચશે તેઓ શાસનપક્ષની સત્ય વસ્તુને યથાર્થ સ્વરૂપમાં સમજી શકે તેમ છે. અને તે પછી શ્રીકાંત ટાઇટલ પેજના પૃષ્ઠ બીજા ઉપર 'જૈન' પત્ર ઉપર આક્ષેપ મૂકીને તા. ૨૭-૬-૪૨ ના શાસનસુધાકરની હકીકતોને ઘણી જૂઠી કહીને-એ પત્રની એવી હંમેશની રીતિ છે એમ લખી દેવાની જે હિંમત કરી છે તે આ બૂકનાં લખાણુથી તેમજ તા. ૧૬ મી જુલાઈના સંદેશ પત્ર અને તા. ૧૭ મી જુલાઇના મુંબઇ સમાચાર પત્રમાંનાં લખાણ ઉપરથી 'તેમનાં પોતાનાં જ અનેક જૂઠાણાં અને પોતાના નેતાને ગમતી પોતાની જ હંમેશને માટેની પેટાર્થે એ રીતિ છે એમ' પણ સ્પષ્ટ સમજાશે.

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશશ્રીએ આગમો આદિ ઘણું વાંચ્યું છે અને પોતે તેના કરતાં ઘણા ય ઓછા અંશે વાંચ્યું અને જોયું છે, એમ લખવામાં શ્રીકાંતે સરલતા બતાવવાના દંભ તળે-'પૂ. આચાર્યદેવેશશ્રીએ ખૂબ ભણીને ખૂબ વાંચ્યું છે અને તેણે વગર ભણ્યે જ વાંચ્યું છે એમ' સત્ય કહેવાનું પાપ છુપાવ્યું છે એટલું જ નહિ પણ તે પછી 'પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશશ્રીએ પીસ્તાલીશે આગમો-ભાષ્ય-ચૂર્ણિ-નિર્યુક્તિ અને ટીકા એ પંચાંગી અને બીજું થોકબંધ વાંચ્યું છે જ્યારે શ્રીકાંતે બહુલતાએ નોવેલો જ વાંચીને તૈયાર થએલા નવા પક્ષના નેતાનાં પ્રવચનો, વીરશાસનો અને જંબુવિજયજીએ તત્ત્વતરંગિણીનું જૂઠું જ ભાષાંતર કરીને બહાર પાડેલી પર્વતિથિપ્રકાશ, તિથિસાહિત્યદર્પણ, પ્રશ્નોત્તર ત્હોંતેરી વિગેરે ચોપડીઓ પણ પોપટની જેમ જ વાંચેલી યા લખેલી છે' એ બીના ઉપર પણ

અંધારપટ પાથરીને ભદ્રિક જગતને અંધારામાં અટવાવી દેવાનું જે ભયંકર પગલું ભર્યું છે તે પણ આ બૂકના શાસ્ત્રીય સ્પષ્ટીકરણથી સાફ સમજાઇ જશે.

નવો તિથિપંથ સ્થાપવામાં શ્રી રામચંદ્રસૂરિએ કોઇનો ય મત લીધા વિના જ જે સાહસ કર્યું છે તે ભારી ભૂલ છે તેમ તેઓને પણ 'ગામે ગામ એમના સાધુઓને શ્રી સંઘે ચાતુર્માસ નહિં જ રાખવાથી' વધુ સમજાયું છે તે પણ અમારી આ બૂકમાંનાં અનેક નક્કર લખાણોથી જનતાને સમજવું મુશ્કેલ પડે તેમ નથી.

અને એથી પણ પોતાના કથન અને આચરણને યેનકેન સિદ્ધ કરવાની કુટેવને વશ પડીને તેઓશ્રીને 'નવો મત જ સાચો છે અને જૂનો મત જૂઠો છે' એવું શ્રી શાસનસંઘની ભરચક સભામાં પણ નિર્લજ્જપણે બોલી શકે તેવા શ્રીકાંત આદિને ધર્મીસમાજના હજારોનાં પાણી કરાવીને પણ પોતાનાં જૂઠ્ઠાણાંઓના પ્રચાર માટે રોકવા જ પડે એ સહજ હોવાથી જ શ્રી રામચંદ્રસૂરિજી તેવા જ માણસોને રોકે છે, એ પણ આથી સ્પષ્ટ સમજાય તેમ છે.

પોતાનાં પ્રવચન અને વીરશાસન આદિ પત્રોમાં પોતાનાં વિચિત્ર મંતવ્યોનાં પ્રકાશનો જૂઠાં જ હોવાનું પોતે પણ સમજતા હોવાથી શ્રી રામચંદ્રસૂરિજી, શ્રીકાંત જેવા નોકરોને જ નામે પ્રસિદ્ધ કરાવે છે. પોતાનું નામ 'તેવા ચર્ચાસ્પદ લખાણોમાં—અરે પોતાનાં જ પ્રગટ થતા વ્યાખ્યાનોમાં પણ' કોઇપણ ઠેકાણે જાહેર ન થઇ જાય તેની સતત કાળજી રાખે છે.

પર્વતિથિપ્રકાશ અને તિથિસાહિત્યદર્પણ નામની ચોપડીઓ એમના જૂઠા મત ફેલાવવાના પ્રયાસમાં જોડવા શ્રી જંબુવિજયજીના નામથી તેઓશ્રીએ બહાર પડાવી, પણ પોતે તો તેમાં ય અલિપ્ત રહ્યાનો જ દેખાવ કર્યો છે. પરિણામે તેમાં ખોટા ગણાયા અને શાસનના છેડા સુધી ખોટા ગણાવાના સંજોગોમાં

મૂકાયા તો જંબુવિજયજી મૂકાયા ! પોતે સાથે રહીને જ લખાવેલી અને છપાવેલી શ્રી જંબુવિજયજીના નામે જાહેર કરાવેલી તે બંને ચોપડીઓની શ્રી રામવિજયજી તો હજુ પણ જવાબદારી ઉઠાવતા જ નથી. આ બાબત શ્રી જંબુવિજયજીને હવે તો ઘણું દુઃખ થાય છે પણ નામ આપી દીધા પછી શું વળે ?

'**ભગવાન શ્રી મહાવીર દેવ**' અને હાલ બહાર પડેલી '**પાલીતાણામાં ઉશ્કેરણી ફેલાવવાનો પ્રયાસ**' નામક ટ્રેકટો પણ એ રીતિએ પોતાના જૂઠાં મંતવ્યો અને કલ્પિત વાતોથી ભરી ભરાવીને પોતાના એડીકાન્ત શ્રીકાંતને નામે જ બહાર પડાવી દીધી છે. પ્રસંગ આવે તો એમાં જૂઠા સાબિત થયે 'એ તો શ્રીકાંત જાણે, મારે એમાં કાંઇ લાગેવળગે નહિં' એમ કહીને જવાબદારી ઉપરથી ખસી જવા માટે જ એ પણ ષડ્યંત્રો શ્રી રામચંદ્રસૂરિજીએ ઊભાં કરાવેલાં છે. નોકર માણસના એવા કયા સંજોગ અને કઇ પડી છે કે એવી જૂઠી ચોપડીઓની પણ તેર તેર હજાર નકલો છપાવીને તેનાં ધૂળની જેમ લાણાં કરે ?

આમ છતાં પણ પોતાનાં એ વીરશાસન પત્ર, જૈનપ્રવચન પત્ર અને નવા મતનાં પંચાંગોમાં તે તે વસ્તુના સ્વામી તરીકે શ્રી **રામચંદ્રસૂરિજીના નામો નહિં છતાં-તે તેના જ છે એમ જાણવાથી** તો તેઓશ્રીને શાસનપક્ષે નક્કર જૂઠા તરીકે અનેક વાર જોસભેર જાહેર કર્યાં અને સખ્ત પકડ્યા ત્યારે વળી આઠેક માસ અગાઉના વીરશાસન પત્રમાં તેઓએ જેમ સાફ સાફ જાહેર કરાવી દીધું છે કે-'**જૈનપ્રવચન પત્ર પણ શ્રી રામચંદ્રસૂરિજીનું નથી તો વીરશાસન પત્ર અને નવા મતનાં પંચાંગો તો શ્રી રામચંદ્રસૂરિજીનાં હોય જ શાનાં ? એ તો દરેક વીરશાસન કાર્યાલય જ પ્રગટ કરે છે.**' આમ છપાવીને તે પોતાનાં જ હતાં એમ જે સિદ્ધ કર્યું છે તેમ 'પર્વતિથિપ્રકાશ, તિથિસાહિત્યદર્પણ, ભગવાન શ્રી મહાવીરદેવ,

પ્રશ્નોત્તર ત્હોંતેરી અને પાલીતાણામાં ઉશ્કેરણી ફેલાવવાનો પ્રયાસ ’ નામક ચોપડીઓમાં ય શાસનપક્ષે એ રામચંદ્રસૂરિજીને નક્કર જૂઠા તરીકે તે તે ચોપડીના લેખક જંબુવિજયજી અને શ્રીકાંતની જેમ જ નક્કર જૂઠા તરીકે અનેક વાર જાહેર તો કર્યા જ છે; પણ તે વિષે સખ્ત પકડવાનો વેંત હવે આવેલ છે. તેમ થશે તો શ્રી રામચંદ્રસૂરિજી માટે ખાત્રી જ છે કે–‘ એ દરેક ચોપડીઓ આજે શ્રી રામચંદ્રસૂરિજી છળ કરીને બીજાના નામે છપાવે છે છતાં તેઓ જાહેર કરી જ દેવાના કે–‘ તે તે ચોપડીઓ મારી નથી. ’ અને એમ જાહેર કરી દે, એટલે તે ચોપડીઓ પણ એમની પોતાની જં છે એમ એમના હાથે જ સિદ્ધ થવું બાકી છે. બાકી તે તે બધાં ય સાહિત્યો છે તો રામચંદ્રસૂરિજીનાં જ ! અને એ તો એમના ભક્તો પણ જાણે જ છે. નહિં તો એવા સાહિત્યોના પ્રકાશનમાં રામભક્તો જ સેંકડો રૂપીયા શ્રીકાંત જેવા અદના નોકરને કઇ શાહુકારીએ આપે ? પેટાધિપતિ એ બીચારો કોણ મોટો શાસનાધિપતિ કે ગચ્છાધિપતિ હતો ?

પોતાની આ નીતિરીતિની વાત ખુલ્લી પડી જઇને પોતે છે તેવા ઉઘાડા ન પડી જાય–જબ્બર ઉત્સૂત્રપ્રરૂપકપણે જાહેર ન થઇ જાય એટલા માટે શ્રી રામચંદ્રસૂરિજીએ ચર્ચા ઉપર પડદો જ પાડી દેવા તિથિચર્ચાને બ્હાને પોતાના ભક્તોદ્વારા સાધુના હુમલાની ખોટી જાહેરાતો કરાવી. ‘ સિરિયસ ’ આદિ ભારી શબ્દોવાળા સવાસો લગભગ તારો કડીયા આદિ પાસે કરાવ્યા. પેઢીના પ્રતિનિધિઓને પણ બોલાવ્યા અને એ રીતે પોણોસોક માણસ પાલીતાણે એકઠું કરીને પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ-શ્રીની સામે લગભગ બે હજારના ખર્ચે ભયંકર તાંડવ કર્યું, હુમલો પણ [illegible] પણ તેથી તો જગતભરમાં પોતે વધુ હલકા પડ્યા અને ભક્તોના [illegible] ચર્ચામાં પાણી ફેરવ્યું એ તો નફામાં અને તેમણે ‘ ચર્ચા તો કરવી જ પડશે ’ એ વાત પણ અખંડ ઉભી રહી !

એ પછી વળી મુંબઇસમાચાર, સંદેશ અને પ્રભાત આદિ પત્રોમાં પૂ. આચાર્યદેવેશશ્રીના સમસ્ત શિષ્યો ઉપર અંગત અમર્યાદિત હુમલો શરૂ કરાવ્યો. એમાં ય વળાની હજુ તો અંશ માત્ર વાત જાહેર આવતાં લમણે હાથ ટેકાવ્યો ! તો પણ એમ સંભળાય છે કે-અપકૃત્યો વધુ ઊઘાડા ન પડે એટલા ખાતર શાસનપક્ષના મુનિઓ સામે ખૂબ જ ખરાબ સાહિત્યો બહાર પાડીને પણ તિથિચર્ચાને તો જેમ બને તેમ દબાવવાની જ શ્રી રામચંદ્રસૂરિજી જોસભેર મંત્રણાઓ ચલાવી રહ્યા છે ! ઉતાવળે મત સ્થાપી દઈને ભૂલ કર્યા પછી ચર્ચા કરીને, તે સુધારી લઇને સમાજમાં શાન્તિ સ્થાપવા સજ્જ થઇ જવાની ફરજને ચૂકીને શ્રી રામચંદ્રસૂરિજી હજુ પણ આમ ઊંધે માપે જ ભર્યે રાખીને શું ફળ કાઢવાના છે ? એ જ સમજાતું નથી. એથી તો ભવ વધારવાના. તેઓ કહ્યે જ રાખે છે કે હું તો સાચો જ છું અને મારી પાસે સેંકડો પૂરાવા પણ છે, તો પછી તેઓશ્રીને જાહેર સભામાં ચર્ચા કરવા તૈયાર થઇ જવાને બદલે આવાં કારસ્થાનો શા માટે કરવાં પડે છે ?

શ્રી રામચંદ્રસૂરિજી જવાબદારીમાંથી ખસવા શ્રીકાંતને નામે પ્રચાર કરે કે બીજા કોઇ અમીકાન્તો શોધે પણ તેથી પોતાની જવાબદારીમાંથી ખસી શકે તેમ નથી જ. સંવત ૧૯૯૨માં કોઇને ય પૂછ્યા વિના અને તેમના ગુરુજીની ય સજ્જડ ના છતાં શ્રી રામચંદ્રસૂરિજીએ જ નવો મત સ્થાપ્યો છે અને ઘેરઘેર કલેશ કરાવ્યો છે, નહિં કે શ્રીકાંતે ! સમયધર્મ પત્રકાર તો કલેશની શાન્તિ માટે રામચંદ્રસૂરિજીને તપાગચ્છની બહાર જ થઇ જવાનું ફરમાવે છે. શ્રીકાંત તો બીચારો ચીઠીનો ચાકર ! એ તો બીચારો રામચંદ્રસૂરિજી મરી જાય તો મહોત્સવ માને છે અને લખી પણ ચૂકયો તે ! એને શું ? કોળી ભાઈનો કૂઓ, એક મુઓ અને બીજો ઊભો ! એ તો જીવતા માલીકનું પેટાર્થે ગમે તેવું ખોટું ય વધારી

વધારીને ય કેમ ન પ્રચારે ? એમાં તો એને ડબલ લાભ. ભકતો અને ભક્તાણીઓ શ્રીકાન્તભાઇ, શ્રીકાન્તભાઇ ! કરીને ઉપરથી ભૂખ પણ ભાંગે ! એ બીચારો 'એમાં આત્માનું શું ?' એ વિચારવા શું કામ થોભે ? ન જ થોભે. અને થોભતો જ નથી એ પ્રત્યક્ષ છે.

એથી જ ટ્રેકટ ઉપર નામ શ્રીકાંત હોવા છતાં તેના જવાબદાર તો રામચંદ્રસૂરિજીને જ લેખી જવાબ અપાય છે. પૂ. આચાર્યમહારાજ પણ વ્યાખ્યાનમાં જવાબદાર રામચંદ્ર-સૂરિજીને લેખીને જ જવાબ આપે, નહિં તો એવા સાથે કયા વિદ્વાનો ચર્ચામાં ઊતરે ? રામચંદ્રસૂરિજીનો એડીકાન્ત સમજીને તો એવાનો ય સહુ કોઇ જવાબ લે જ. શ્રીકાંતે વ્યાખ્યાન-સભામાં કરેલો આડો પ્રશ્ન પણ ગત ચૈત્ર વદિ ત્રીજના દિને કોટાવાળાની ધર્મશાળામાં શ્રી રામચંદ્રસૂરિજીએ સેંકડો સાધુ અને સંખ્યાબંધ શ્રાવકો વચ્ચે જે પ્રશ્ન કર્યો હતો તે જ છે. તેથી પણ સિદ્ધ છે કે તે આડો પ્રશ્ન શ્રી રામચંદ્રસૂરિજીએ જ પોતાના એ માણસ પાસે કરાવેલો છે.

શ્રીકાન્ત પાસે સભામાં એ પ્રશ્ન કરાવતી વખતે મોતી સુખીયાની ધર્મશાળામાં પોતાના ચારિત્રવિજયજી આદિ સાધુઓ, વસંતશ્રી, દર્શનશ્રી આદિ સાધ્વીઓ અને પચીશેક શ્રાવકોને હુમલા માટે મોકલ્યા હતા અને હુમલો કરાવ્યો હતો, તેથી પણ સિદ્ધ છે કે તે આડો પ્રશ્ન શ્રી રામસૂરિજીએ જ કરાવેલો છે. બીજે દિવસે પણ શ્રીકાન્તની મદદે કડીઆ આદિ વધુ માણસોને પૂ. આચાર્યદેવેશશ્રીની તે વ્યાખ્યાનસભામાં ઘુરકીઆં કરતા મોકલ્યાં અને છતાં પણ તેઓ સહુ આંખો ચોળતાં શ્રી રામચંદ્રસૂરિજીના અમૂલ્ય નિવાસસ્થાન સાહિત્ય મંદિરમાં જ ભરાયા એથી પણ સિદ્ધ છે કે શ્રીકાંતદ્વારા એ આડો પ્રશ્ન શ્રી રામચંદ્રસૂરિજીએ જ કરાવેલો છે. અને તેથી શ્રીકાંતે એ સંબંધી જ બહાર પાડેલી ટ્રેકટના જવાબદાર શ્રી રામચંદ્રસૂરિજી-

ને જ લેખીને તે ટ્રેક્ટનાં ભારોભાર જૂઠાણાંનો સણુસણુતો જવાબ હરવખતની માફક શ્રી રામચંદ્રસૂરિજીને જ આપવો સમુચિત ધારીને તેઓશ્રીને જવાબ આપીએ છીએ.

આ. શ્રી રામચંદ્રસૂરિજી આ જવાબને પોતાની સહીથી અથવા જાતે મળીને નક્કર સત્ય કહી દે. આ સાથે પૂ. મુનિરાજ શ્રી હંસસાગરજી મહારાજે આપેલી ચેલેંજ પણ સત્વર સ્વીકારી લઈને જાહેર સભામાં ચર્ચા કરવા તૈયાર થઇ જાય. ચર્ચા કરવા તૈયાર થયા અગાઉ પણ પૂ. મુનિરાજશ્રી હંસસાગરજી મહારાજે તેઓશ્રીને આ બૂકમાં પૂછેલા સંખ્યાબંધ પ્રશ્નોનો તેઓ સત્વર ખુલાસો પોતાની સહીથી જ જાહેર કરે; કારણ કે અમો તેઓશ્રીને અનેક ઉત્સૂત્રપ્રરૂપણાઓના કરનારા અને આગમ તેમજ પૂર્વાચાર્યોનાં ય વચનોના ઉત્થાપનારા હોવાનું શાસ્ત્ર અને પરંપરાથી પણ સિદ્ધ માનીએ છીએ.

આમ સ્પષ્ટ જણાવ્યા છતાં શ્રી રામચંદ્રસૂરિજી હંમેશની આદત મુજબ પોતાના જાહેર નામથી ખુલાસા ન આપે તેમજ ચર્ચા કરવા તૈયાર ન થાય અને શ્રીકાંત જેવા બીજા કોઇ પણ સાધુ આદિને નામે પેપરો-ચોપડીઓ અને હેન્ડબીલબાજીઓ ખેલવા માંડશે તો તેવાં પ્રકાશનોને બીનજવાબદાર જ ગણવામાં આવશે.

સમાજની શાન્તિ માટે તેવો કોઇ પ્રચાર છોડીને જાહેર સભામાં ચર્ચા કરવા જ તૈયાર થતા હોય અને એ રીતિએ તિથિ-ચર્ચાનો અંત આણવાની જ સાચી વૃતિ ઉપર શ્રી રામચંદ્રસૂરિજી આવી જાય તો અમો પણ તેઓને છે તેવા જાહેર કરવાનું મુલતવી રાખવા ઇચ્છીએ છીએ.

શાસનદેવ તેઓશ્રીને સદ્‌બુદ્ધિ આપે અને આ ઝેરી મતભેદ પહેલાં જે શાન્તિ હતી તે શાન્તિ તિથિચર્ચા થઇને ફેર પ્રસરવા પામે, એ ભાવના સાથે વિરમું છું.

M. P. P. BVC.

# શ્રીકાંતની મહાવીરદેવની ચોપડી જૂઠી છે

શ્રીકાંતે પોતાની બૂકના પૃષ્ઠ ૪૫ ઉપર ઉપસંહારમાં લખ્યું છે કે-"વિ. સં. ૧૯૯૬ માં 'ભગવાન શ્રીમહાવીરદેવ' નામની મારી લખેલી એક પુસ્તિકા પ્રગટ થઇ હતી. એ પુસ્તિકામાં મેં એક પ્રાસંગિક કાર્ય તરીકે અનેક સ્થાનોએ નોંધો મૂકીને, 'જૈનશાસ્ત્રોનાં તમામ વાકયો મિથ્યાત્વી છે'-એ વિગેરે સાગરજી મહારાજનાં ઉત્સૂત્ર-પ્રરૂપણોનું સપ્રમાણ ખંડન કર્યું હતું કે-સાગરજી મહારાજ જો લેખિત જવાબો આપવાદ્વારા તેમના સર્વ કથનોને શાસ્ત્રાનુસારી સાબિત કરી આપશે તો હું મારી માગી તેમની સત્યતાનો સવિશેષ પ્રચાર કરવામાં આનંદ માનીશ; પરન્તુ તે વખતે સાગરજી મહારાજ પ્રતિનિધિત્વની અસંગત વાતો કરીને પોતાની જવાબદારી અદા કરી શકયા નહિ."

વાચકોને અત્ર જણાવવાનું કે લોકોને યેનકેન ભ્રમમાં નાખીને સત્ય માર્ગથી ચ્યૂત કરવાનો શ્રીરામચંદ્રસૂરિજીએ આ મહાવીરદેવની ચોપડી નામે પણ શ્રીકાંત પાસે જ રસ્તો લીધો હતો અને એથી એ ચોપડીના ભ્રમમાં પાડનારાં અગિયારે પ્રશ્નોનો પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશે શ્રીરામ૦ અને શ્રીકાંતને જે જડબાંતોડ શાસ્ત્રીય જવાબો આપ્યા છે તેની જવાબદારી બજાવવા એ બેમાંથી એકે ય ઊભા રહ્યા નથી. એ માટે તેઓને કેઇક પત્રો અને તારો પણ કરેલા છે, તો પણ તેઓએ જવાબદારી ઉપાડી નથી, જે વસ્તુનું સ્પષ્ટ દિગ્દર્શન સિદ્ધચક્ર પાક્ષિક વર્ષ ૮, અંક ૧૪ અને ૧૫ને એક વાર લક્ષપૂર્વક તપાસી જોવાથી સાફ જણાઇ આવશે. તે અંકોમાં તેની અગિયારે ભૂલોનો સુંદરતર સ્ફોટ પણ પૂ. આચાર્યશ્રીએ છેવટે ૧૧ કલમમાં કરી આપ્યો છે, જેમાં તે નવીનો ચૂં કે ચાં કરી શકે તેમ નથી; છતાં ય આવું જૂઠું હજુ ય પ્રચાર્યે રાખે છે તે તો તેના તેવા થઇ પડેલા ધંધાને જ આભારી છે. શ્રીકાંત કયા દર્શનની કઇ જાતિનો ગીતાર્થ...?

મુનિ સૌભાગ્યસાગરજી

## જૈન સમાજ સાવધાન

હાલમાં ચાલતી તિથિચર્ચાને કોઇ પણ રીતે દાબી દેવા માટે શ્રીકાન્તની માફક ખોટાં લખાણો અને પૂ. મુનિરાજોના નામે ખોટી ગેરવ્યાજબી વાતો કેટલાકો ઉડાડે છે. તેટલેથી પણ કેટલાક નહિં અટકતાં સાચા જૂઠા આરોપો મૂકીને પૂ. મુનિરાજોની બદબોઇ પણ કરે છે. તેઓ જાણે છે કે પૂ. મુનિવર્યો કોર્ટમાં આપણને કંઇ ઘસડવાના નથી. આ હેતુ મગજમાં રાખી તેઓ પૂ. મુનિરાજોના નામે ગમે તેવું ગંદું સાહિત્ય પણ છપાવે છે. આથી તેવાં બીનવજુદદાર લખાણોથી કોઇએ દોરાવું નહિં તે સલાહભર્યું છે.

મુનિ ચંદનસાગર

—ચાલુ વર્ષ વિ. સં. ૧૯૯૮ માં—

## અષાડ વદ ૧૪ તો તા. ૧૧-૮-૪૨ મંગળવારે જ છે.

નવા તિથિપંથના નેતા આ. શ્રી રામચંદ્રસૂરિજીએ પોતાના એડીકાન્ત શ્રીકાંતદ્વારા, તાજેતરમાં એક બૂક બહાર પાડીને એવું જાહેર કરાવ્યું છે કે ચાલુ વર્ષમાં અષાડ વદ ૧૪ તો તા. ૧૦–૮–૪૨ને સોમવારે જ છે; પણ તે શાસ્ત્ર અને પરંપરાનુસાર નહિં હોવાથી કોઇ પણ કલ્યાણકામી આત્માઓએ માન્ય કરવા જેવું નથી. શ્રીદેવસુર તપાગચ્છી શ્રીસંઘના પૂ. આ. શ્રીવિજયનેમિ-સૂરીશ્વરજી મહારાજાથી લઇને આ. શ્રીમાણેકસિંહ-સૂરિજી પર્યંતના આચાર્યદેવો અને પૂ. પં. શ્રી લાભવિજયજી મહારાજાથી લઇને પં શ્રીતીર્થવિજયજી મહારાજ પર્યંતના પાંત્રીશે ય સમુદાયમાંથી બત્રીશ સમુદાયના સાધુ સાધ્વીજીઓ અષાડ વદ ૧૪, તા. ૧૧–૮–૪૨ ને મંગળવારે જ કરવાના છે. ફક્ત નવા મતના નેતા શ્રી રામચંદ્રસૂરિજી અને તેના મતમાં પાછળથી ભળેલા આ. શ્રીલબ્ધિસૂરિજી અને આ. શ્રીસિદ્ધિસૂરિજી એ ત્રણ સમુદાય જ તા. ૧૦-૮–૪૨ ને સોમવારે શ્રીસકલ સંઘથી જુદી રીતે અષાડ વદ ૧૪ કરનારા છે.

...શ્રી સુશીલવિજય.
પુસ્તકાલ—